**આજનો સુવિચાર**

જે વ્યક્તિએ ક્યારેય ભૂલ કરી નથી તેણે ક્યારેય નવું શીખવાનો પ્રયાસ કર્યો નથી.

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૪૧ જૂનાગઢ તા.૩૧-૦૧-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 41, Junagadh : Date : 31 January, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


### સંસદનાં બંને ગૃહોની સંયુકત બેઠકને રાષ્ટ્રપતિનાં સંબોધન સાથે બજેટ સત્રનો પ્રારંભ

## રામમંદિરની સદીઓની આકાંક્ષા પૂર્ણ થઈ : મહિલા અનામત કાયદો ઘડવા બદલ સાંસદોને અભિનંદન : રાષ્ટ્રપતિ

નવી દિલ્હી તા. ૩૧ બજેટ સત્રની શરૂઆત પહેલાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ લોકસભા અને રાજયસભાના સંયુક્ત સત્રને સંબોધન કર્યું હતું. રાષ્ટ્રપતિએ કહ્યું કે ગત વર્ષ ભારત માટે ઐતિહાસિક સિદ્ધિઓથી ભરેલું હતું. તેમણે મહિલા અનામત કાયદો ઘડવા બદલ સાંસદોને પણ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે એશિયન ગેમ્સના ઈતિહાસમાં સૌથી વધુ મેડલ, ચંદ્રયાન-૩ની સફળતા અને રામ મંદિર નિર્માણના સપનાંની પૂર્તિનો ઉલ્લેખ કર્યો હતો.

રાષ્ટ્રપતિએ રામ મંદિરનો ઉલ્લેખ કરતાંની સાથે જ હાજર સાંસદોએ ટેબલ થપથપાવીને તેમને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું કે રામ મંદિરની આકાંક્ષા સદીઓથી હતી, જે આ વર્ષે પૂર્ણ થઈ છે. રાષ્ટ્રપતિના કહેવા પ્રમાણે, ગુલામીના યુગમાં બનેલા કાયદા હવે ઈતિહાસનો હિસ્સો બની ગયા છે. તેમણે કહ્યું કે ટ્રિપલ તલાકની દુષ્ટ પ્રથાને ખતમ કરવા માટે સરકારે કડક કાયદાકીય જોગવાઈઓ કરી છે.

આ પહેલાં મોદીએ ગૃહની બહાર મીડિયાને સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું, 'હું આશા રાખું છું કે આ વર્ષે દરેકે સંસદમાં પોતાનું કામ જે રીતે મળ્યું તે રીતે કર્યું. હું ચોક્કસપણે કહીશ કે કેટલાક લોકોનો સ્વભાવ હંગામો મચાવવાનો બની ગયો છે, જેઓ લોકશાહી મૂલ્યોને તોડી નાખે છે. આવા તમામ માનનીય સાંસદો આજે છેલ્લા સત્રમાં ચોક્કસપણે આત્મનિરીક્ષણ કરશે કે તેઓએ છેલ્લા ૧૦ વર્ષમાં શું કર્યું છે.



## ઈડીનો સપાટો : ૯ વર્ષમાં ૩૦૧૦ દરોડા પાડયા : ૧૧૫ વિપક્ષી નેતાઓ પર કાર્યવાહી

નવી દિલ્હી,તા. ૩૧: છેલ્લા ઘણા સમયથી ઈડી (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ) દ્વારા દરોડા પડાયા હોવાના સંખ્યાબંધ અહેવાલો સામે આવ્યા છે. ઈડીએ કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, રાષ્ટ્રીય જનતા દળ સહિતના નેતાઓ સામે કાર્યવાહી કરતી રહી છે. ઈડીએ એનડીએના શાસનકાળ દરમિયાન સૌથી વધુ દરોડા પાડ્યા છે, જેમાં ૧૨૧માંથી વિપક્ષના ૧૧૫ નેતાઓ સામે કાર્યવાહી કરી છે.

વિપક્ષી દળોનો આક્ષેપ છે કે, લોકસભા ચૂંટણીને ધ્યાને રાખી કેન્દ્ર સરકાર તપાસ એજન્સિઓનો દુરુપયોગ કરી વિરોધીઓને નિશાન બનાવી રહી છે. બીજીતરફ અગાઉની યુપીએ-૧ની સરકાર અને વર્તમાન ભાજપ સરકારના શાસનમાં ઈડીની કાર્યવાહી અંગે પણ ચર્ચાઓ થઈ રહી છે.

## ભારતમાં ભ્રષ્ટાચાર વધ્યો પારદર્શિતા રીપોર્ટમાં ૯૩માં નંબરે

ન્યુયોર્ક,તા.૩૧ ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલનો ૧૮૦ દેશોનો ભ્રષ્ટાચાર રિપોર્ટ ગઈકાલે જાહેર કરવામાં આવ્યો હતો. આ હિસાબે ભારતમાં વર્ષ ૨૦૨૩માં ભ્રષ્ટાચાર વધ્યો છે. રિપોર્ટના કરપ્શન પર્સેપ્શન ઈન્ડેક્સમાં ભારત ૨૦૨૩માં ૯૩મા સ્થાને આવી ગયું છે, જ્યારે એક વર્ષ પહેલા ૨૦૨૨માં ભારત ૮૫મા સ્થાને હતું. આ રેન્કિંગમાં નંબર ૧ પરનો દેશ સૌથી ઓછો ભ્રષ્ટાચાર ધરાવે છે અને ૧૮૦માં નંબર પરનો દેશ સૌથી વધુ ભ્રષ્ટાચાર ધરાવે છે. રિપોર્ટ અનુસાર ચીન ૭૬માં અને પાકિસ્તાન ૧૩૩માં સ્થાને છે. તે જ સમયે, ડેનમાર્ક (૧)માં સૌથી ઓછો ભ્રષ્ટાચાર છે જ્યારે સોમાલિયા (૧૮૦) સૌથી ભ્રષ્ટ દેશ છે. આ ઈન્ડેક્સ માટે, ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલના નિષ્ણાતો દરેક દેશના જાહેર ક્ષેત્રમાં ભ્રષ્ટાચારનું મૂલ્યાંકન કરે છે.

### લદાખ નજીક વાસ્તવીક અંકુશ રેખા નજીક બનેલી ઘટનામાં

## ભારતનાં પશુપાલકોએ ચીની સૈનિકોને ભગાડી દીધા હોવાનો વિડીયો વાયરલ

નવી દિલ્હી, તા.૩૧: લેહ-લદાખના દુર્ગમ પર્વતીય વિસ્તારમાં ચીની સેનાના નાપાક ઈરાદાઓ ફરી એક વખત સામે આવ્યા છે. ચીનની પીપલ્સ લિબરેશન આર્મીના સૈનિકોએ ભારતીય ગોવાળિયાઓને રોકવાનો પ્રયાસ કર્યો હતો. તેના પર નિઃસંદેહ ભારતીય ગોવાળિયાઓએ હિંમત બતાવી અને સશષા ચીની સેનાના સૈનિકો સાથે અથડામણ કરી. ભારતીય ગોવાળિયાઓએ પણ ચીની સેનાના બખ્તરબંધ વાહનો પર પથ્થરમારો કર્યો હતો. ચીની સેનાના સૈનિકો અને ભારતીય ગોવાળિયાઓ વચ્ચેની અથડામણનો એક વીડિયો સામે આવ્યો છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થઈ રહ્યો છે. આ પહેલીવાર નથી જ્યારે ચીન દ્વારા ઉશ્કેરણીજનક કાર્યવાહી કરવામાં આવી હોય. આ પહેલા પણ ચીન દ્વારા લદાખ ક્ષેત્રમાં આવી ગતિવિધિઓ કરવામાં આવી ચુકી છે.

પૂર્વી લદાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર ચીની સૈનિકોની નાપાક ગતિવિધિઓ સામે આવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ભારતીય ગોવાળિયાઓને ચીની સૈનિકોએ પશુઓને ગોચરમાં લઈ જતા અટકાવ્યા હતા. આ પછી ચીની સૈનિકો અને ભારતીય ગોવાળિયાઓ વચ્ચે બોલાચાલી શરૂ થઈ ગઈ. થોડી જ વારમાં બંને પક્ષો વચ્ચે ઉગ્ર બોલાચાલી શરૂ થઈ ગઈ.ચીની સૈનિકો સશષા હતા, જ્યારે ભારતના સ્થાનિક ગોવાળિયાઓ નિઃશષા હતા. છતાં પણ સ્થાનિક પશુપાલકોએ પીએલએના પગલાનો વિરોધ કરવાથી પીછેહઠ કરી ન હતી.

### સમાચાર રાઉન્ડ અપ

- પાકિસ્તાનનાં બલુચિસ્તાન પ્રાંતમાં ચૂંટણી રેલીમાં બોંબ વિસ્ફોટ : ૪નાં મોત
- મણિપુરમાં અવિરત હિંસા યથાવત : ફાયરીંગમાં બેનાં મોત
- માલદીવનાં ભારત વિરોધી રાષ્ટ્રપતિ મુઈઝુ સામે મહાભિયોગ લાવવા તૈયારી
- કોંગ્રેસ માટે વધુ એક આંચકો : સમાજવાદી પાર્ટીએ યુપીમાં ૧૬ ઉમેદવાર જાહેર કરી દીધા
- ભારતીયોને વિઝા આપવામાં અમેરીકાએ નવો રેકોર્ડ બનાવ્યો : ૧૪ લાખ લોકોને વિઝા આપ્યા
- રાજકારણીઓ જાડી ચામડીનાં હોવા જોઈએ : બંગાળનાં રાજકીય વિવેચકની અરજી પર સુનાવણી કરતા સુપ્રિમ કોર્ટે ટીપ્પણી કરી.

## આવતીકાલે નાણામંત્રી વચગાળાનું બજેટ રજુ કરશે

## મહિલાઓ, ખેડૂતો અને ગ્રામીણ વિસ્તારો પર ભાર મુકાશે

નવી દિલ્હી,તા. ૩૧: આજથી સંસદના બજેટ સત્રનો પ્રારંભ થયો છે. નાણામંત્રી નિર્મલા સીતારમણ આવતીકાલે નાણાકીય વર્ષ એટલે કે ૨૦૨૪-૨૫ માટે વચગાળાનું બજેટ રજૂ કરશે. આ બજેટમાંથી રાહતની બહુ અપેક્ષાઓ નથી, તેમ છતાં ટેકસમાં અને કેટલાક કિસ્સામાં રાહત મળી શકે છે. વધતી જતી મોંઘવારી વચ્ચે, સ્ટા હેઠળની મુકિતમાં વધારો થવાની ધારણા છે. બજેટમાં મહિલાઓ, ખેડૂતો અને ગ્રામીણ વિસ્તારો પર પણ ભાર મૂકવામાં આવી શકે છે. સરકાર વચગાળાના બજેટમાં રાજકોષીય ખાધને જીડીપીના ૫.૩ ટકા સુધી સીમિત કરવાનું લક્ષ્ય રાખી શકે છે. બેંક ઓફ અમેરિકા સિકયોરિટીઝનું કહેવું છે કે સરકાર ખર્ચમાં કાપ મૂકવાને બદલે મૂડી ખર્ચ દ્વારા વૃધ્ધિને વેગ આપીને રાજકોષીય ખાધ ઘટાડવાની તેની વ્યૂહરચના પર વળગી રહેવાનું પસંદ કરશે. દેશના લગભગ ૬૦ ટકા ગ્રામીણ પરિવારો તેમની આજીવિકા માટે ખેતી પર નિર્ભર છે. પીએમ કિસાન સન્માન નિધિ હેઠળ આપવામાં આવેલી રકમની મર્યાદા વાર્ષિક ૯,૦૦૦ રૂપિયા સુધી વધી શકે છે, જે હાલમાં ૬,૦૦૦ રૂપિયા છે. ચાલુ નાણાકીય વર્ષ માટે રૂા. ૬૦,૦૦૦ કરોડનું અંદાજિત બજેટ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં વધારીને રૂા. ૭૦,૦૦૦-૭૫,૦૦૦ કરોડ કરવામાં આવી શકે છે.

## હિન્દુ ન હોવ તો મંદીરમાં જતા નહી, આ પર્યટન સ્થળ નથી : મદ્રાસ હાઈકોર્ટનો ઐતિહાસીક ચુકાદો

ચેન્નાઈ,તા. ૩૧: મદ્રાસ હાઈકોર્ટે મંદિરોમાં પ્રવેશને લઈને મહત્વનો નિર્ણય સંભળાવ્યો છે. પલાની મુરુગન મંદિરના મામલામાં હાઈકોર્ટની ડિવિઝન બેંચે ઐતિહાસિક ચુકાદો આપતા કહ્યું કે જે લોકો હિંદુ ધર્મનું પાલન નથી કરતા તેમના પ્રવેશ પર પ્રતિબંધ લગાવવો જોઈએ. હાઈકોર્ટે કડક ટીપ્પણી કરતા કહ્યું હતું કે મંદિર પર્યટન સ્થળ નથી, તેથી અન્ય ધર્મના લોકોએ મંદિરમાં પ્રવેશ કરવો જોઈએ નહીં. સાથે જ એવું પણ કહેવામાં આવ્યું છે કે જો અન્ય ધર્મના લોકો મંદિરમાં દર્શન કરવા માંગતા હોય તો તેઓએ બાંયધરી લેવી પડશે કે તેઓ દેવી-દેવતાઓમાં માને છે અને હિંદુ ધર્મના રિવાજો અને પ્રથાઓનું પાલન કરશે.

હાઈકોર્ટે તમિલનાડુ સરકારના હિંદુ ધર્મ અને ચેરિટેબલ એન્ડોમેન્ટ્સ વિભાગને રાજયના તમામ હિંદુ મંદિરોમાં બોર્ડ લગાવવાનો આદેશ આપ્યો છે. આ બોર્ડ પર લખવું જોઈએ કે કોડીમારામ એટલે કે મંદિરના ધ્વજ સ્તંભથી આગળ બિન-હિંદુઓને જવાની મંજૂરી નથી. હાઈકોર્ટનું કહેવું છે કે હિંદુઓને પણ તેમનો ધર્મ માનવા અને તેનું પાલન કરવાનો અધિકાર છે. ડી સેંથિલ કુમારની અરજી પર સુનાવણી કરતી વખતે મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેંચના જસ્ટીસ એસ શ્રીમતિએ આ આદેશ આપ્યો હતો.

## પાકિસ્તાનમાં ચૂંટણીનાં ૮ દિવસ પહેલા જ ભૂતપુર્વ વડાપ્રધાન ઈમરાન ખાનને અદાલતે વધુ ૧૪ વર્ષની સજા ફટકારી

ઈસ્લામાબાદ તા. ૩૧ પાકિસ્તાનમાં ૮ ફેબ્રુઆરીએ યોજાનારી સામાન્ય ચૂંટણીના ૮ દિવસ પહેલા પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનને બીજી વખત સજા સંભળાવવામાં આવી છે. ખાન અને તેની પત્ની બુશરા બીબીને ચૂંટણી તોશાખાના સંદર્ભ કેસમાં ૧૪ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે.

ત્યાર બાદ ખાન ૧૦ વર્ષ સુધી કોઈ સરકારી પદ પર રહી શકશે નહીં. આ નિર્ણય હેઠળ બંને પર ૨૩.૩૭ કરોડ રૂપિયાથી વધુનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. ગઈકાલે એટલે કે મંગળવારે રાવલપિંડીની સ્પેશિયલ કોર્ટે ખાનને સિક્રેટ લેટર ચોરીના કેસમાં ૧૦ વર્ષની જેલની સજા સંભળાવી હતી.

તેમની સાથે પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ પાર્ટીના નેતા અને પૂર્વ વિદેશ મંત્રી શાહ મહમૂદ કુરેશીનું નામ પણ હતું. ખાનને ૨૪ દિવસની જેલની સજા ફટકારવામાં આવી છે. ગયા મહિને જ નેશનલ એકાઉન્ટેબિલિટી બ્યુરોએ ખાન અને બુશરા બીબી વિરુદ્ધ તોશાખાના સંબંધિત કેસ નોંધ્યો હતો. જેમાં બંને પર સાઉદી ક્રાઉન પ્રિન્સ તરફથી ભેટ તરીકે મળેલો નેકલેસ વેચવાનો આરોપ હતો.

### બ્રેકીંગ ન્યુઝ

## ઈડીની ટીમ હેમંત સોરેનની પુછપરછ માટે રાંચી સ્થિત મુખ્યમંત્રી નિવાસ સ્થાને પહોંચી : ધરપકડ કરશે ?

### હેમંત સોરેનનાં પત્ની કલ્પના સોરેન ઝારખંડનાં મુખ્યમંત્રી બને તેવો ગોઠવાઈ રહેલો તખ્તો

રાંચી તા. ૩૧ : છેલ્લા ઘણા સમયથી ચર્ચામાં રહેલા ઝારખંડનાં મુખ્યમંત્રી હેમંત સોરેનની પુછપરછ માટે ઈડીની ટીમ રાંચી સ્થિત મુખ્યમંત્રી નિવાસ સ્થાને પહોંચી ગઈ છે. જમીન ખરીદી કૌભાંડમાં તેમની પુછપરછ કરવા માટે ઈડીની ટીમ પહોંચી હોવાનું માનવામાં આવી રહયું છે. મુખ્યમંત્રી પુછપરછ થવાની હોય તેમના ઉપર ધરપકડની તલવાર પણ લટકી રહી છે તેવા સંજોગોમાં હેમંત સોરેનનાં પત્ની કલ્પના સોરેનને ઝારખંડનાં નવા મુખ્યમંત્રી બનાવવામાં આવશે તેવી ચર્ચાઓ થઈ છે.


**ટાઉન હોલ ભાડે મેળવવા માટે સંપર્ક કરો**

**શું તમારા દિકરા - દિકરીના લગ્ન આવ્યા છે. તો તમે ચિંતિત છો કે પાર્ટીપ્લોટનું મોંઘુ ભાડુ પોસાય તેમ નથી ? તો હવે તમારે ચિંતા કરવાની જરૂર નથી.**

**જૂનાગઢનાં મધ્ય વિસ્તાર સરદાર વલ્લભભાઈ ચોકમાં શામળદાસ ગાંધી ટાઉન હોલ અદ્યતન સુવિધાઓથી સજ્જ ૬૫૦ સીટ ધરાવતું તથા કોન્ફરન્સ હોલમાં ૭૫ સીટની વ્યવસ્થા છે.**

આપના લગ્ન પ્રસંગ, રીસેપ્શન પાર્ટી, દાંડીયા રાસ રમવા અદ્યતન સ્ટેજ લાઈટ ડેકોરેશન, બર્થ-ડે પાર્ટી, સેમિનાર તથા નાટયગૃહ મટે તદ્દન વ્યાજબી ભાવમાં મળશે. ફુલ પાર્કીંગની સગવડતા છે.

**મો. ૯૮૨૫૬ ૧૧૩૦૧**



**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

**નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે**

**:: ફોન કરવા માટેનો સમય ::**

**સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ**

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**
**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)

આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨ જૂનાગઢ**



**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)**

**ડૉ. ધવલ સંઘવી**

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

**તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત**




વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**



**હેવન ઈન્ટીરીયર ફર્નિચર**

www.heavenfurniture.co.in
300+ Site complete All over Gujarat

heaven FURNITURE

**હેવન ફર્નિચર**
M. 97263 15003

INTERIOR
COLOR WORK
POP WORK
SOFA WORK

મૈરીઓટ પ્લાઝા, ચોથા માળે, ગાયત્રી સ્કૂલ સામે, ઝાંઝરડા રોડ, જૂનાગઢ.



ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ

**મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪**



**હાર્દિક શુભેચ્છા....**

**એક્ટિવ ઓર્થોપેડીક હોસ્પિટલ**

ડૉ. નિકુંજ ફુંમર — જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન — +૯૧ ૯૦૯૯૮૮૮૬૧૦
ડૉ. મૌલિક ભાલોડીયા — જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોપેડીક સર્જન — +૯૧ ૯૦૯૯૯૮૮૬૧૦

**માતૃત્વ વુમન્સ હોસ્પિટલ**
DEDICATED TO WOMEN'S HEALTH

**ડૉ. ઋજુલબેન ગજેરા ફુંમર**
M.B.B.S., M.B.D.G.O. ગાયનેક (સ્ત્રી રોગ નિષ્ણાત)
સ્ત્રી રોગ, પ્રસુતિ તથા વંધ્યત્વ નિષ્ણાંત
+ ૯૧ ૭૦૧૬૪૨૨૯૮૦

આસ્થા કોમ્પલેક્ષ, કાકા કોમ્પલેક્ષની બાજુમાં, ઝાંસીની રાણીના પુતળાની સામે, સરદાર બાગ, જૂનાગઢ



**ઉચ્ચ ગુણવત્તા વાળી મગફળીનું શુધ્ધ સીંગતેલ**

Nitin Nathvani 7211128822
Divyesh Nathvani 9924012912

શુધ્ધતા નો સ્વાદ એટલે...

GIR KESARI
Premium Quality

**દેશી ઘાણીનું શુદ્ધ સીંગતેલ**


KHODIYAR MINI OIL MIL

જૂનાગઢ શહેર માટે હોમ ડીલીવરી ફ્રી આપવામાં આવશે

હરીપુર રોડ, મુ. લીમધ્રા, તા. વિસાવદર, જી. જૂનાગઢ

# પૂજ્ય ગાંધીજીના સંદેશને આત્મસાત કરીએ, તેમના વિચારોને જનમાનસ સુધી પહોંચાડીએ એ જ એમને સાચી શ્રદ્ધાંજલિ : શ્રી આચાર્ય દેવવ્રતજી

**ગાંધી નિર્વાણ દિવસે કોચરબ આશ્રમના પ્રાંગણમાં ગાંધી પદયાત્રાનું સમાપન અને આંતરરાષ્ટ્રીય વિડિયો સ્પીચ સ્પર્ધાનો શુભારંભ : સર્વધર્મ પ્રાર્થનાઓ યંત્રવત્ ગાઈ નાખીએ એટલું પૂરતું નથી, આ પ્રાર્થનાના એકેએક શબ્દો આપણા જીવનનો હિસ્સો બને એટલી સજાગતા કેળવીએ**





(પ્રતિનિધિ દ્વારા)
અમદાવાદ તા.૩૧

ગુજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગાંધી નિર્વાણ દિવસે પૂજ્ય બાપુને શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં કહ્યું હતું કે, પૂજ્ય બાપુના વિચારો સાર્વભૌમિક અને સાર્વકાલિક છે. આજનો દિવસ તેમના વિચારોને આત્મસાત કરવાનો દિવસ છે. પૂજ્ય બાપુના વિચારો આ દુનિયા અપનાવે તો રશિયા અને યુક્રેનનું યુદ્ધ સંભવ નથી. ઈઝરાયલ અને પેલેસ્ટાઈનમાં ખૂન-ખરાબા ન થાય. આ વિશ્વ વિનાશકારી બોમ્બ-બારૂદના ઢગ ઉપર ન બેઠું હોત. આવો, આપણે સૌ પૂજ્ય બાપુના સંદેશને આત્મસાત કરીએ અને તેમના વિચારોને જનમાનસ સુધી પહોંચાડીએ. ગાંધી નિર્વાણ દિવસે આ જ સાચી શ્રદ્ધાંજલિ હશે. ગુજરાત વિદ્યાપીઠ દ્વારા અમદાવાદમાં વિદ્યાપીઠથી કોચરબ આશ્રમ સુધી વિદ્યાર્થીઓની પદયાત્રા યોજાઈ હતી. પૂજ્ય ગાંધીજીની સ્મૃતિમાં કોચરબ આશ્રમના પ્રાંગણમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ સમૂહમાં રેંટિયાકાંતણ કર્યું હતું.

ગાંધી નિર્વાણ દિવસે ગાંધીયન સોસાયટી, અમેરિકા દ્વારા આંતરરાષ્ટ્રીય વિડીયો સ્પીચ પ્રતિયોગીતાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આચાર્ય દેવવ્રતજીએ આ પ્રતિયોગિતાને ખુલ્લી મુકતાં કહ્યું હતું કે, આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધાથી ૧૫૦ દેશોના યુવાનો પૂજ્ય ગાંધીજીના વિચારો સાથે જોડાશે અને વૈશ્વિક મંચ પર પૂજ્ય ગાંધીજીના વિચારો રજૂ કરશે. આ સ્પર્ધાથી વિશ્વના યુવાનો - ભાવિ પેઢી પૂજ્ય ગાંધીજીના મૂલ્યોથી માહિતી માહિતગાર થશે. સીમા અને સંસ્કૃતિઓથી ઉપર આ ડિજિટલ સંવાદ યુવાનો માટે રસપ્રદ બનશે. આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, સત્ય, અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. સંતોષ, તપ, સ્વાધ્યાય, ઈશ્વર, પ્રણીધાન અને નિયમ આ મહાવ્રતોને, ભારતીય જીવનદર્શનના આ મૂળ સિદ્ધાંતોને પૂજ્ય ગાંધીજીએ જનઆંદોલન બનાવી દીધા. આ વિચારોથી વિશ્વશાંતિ અને વિશ્વકલ્યાણનો માર્ગ પ્રશસ્ત કર્યો. તેમના આ સિદ્ધાંતો ટકાઉ અને શાશ્વત છે. પ્રકાશ સ્વરૂપ છે. માત્ર ખાદી પહેરવાથી કંઈ નહીં વળે, પૂજ્ય બાપુના ચિંતનને અંતરથી અપનાવવા પડશે. 'રામ રાજ્ય' શબ્દ પૂજ્ય બાપુએ પ્રયોજ્યો હતો. ભગવાન રામનું ચારિત્ર, એમનું જીવન સૌ કોઈ માટે આદર્શ છે. પૂજ્ય બાપુ ભૌતિક વિકાસની સાથોસાથ આધ્યાત્મિક ઉન્નતિ માટે પણ દ્રઢપણે કટિબદ્ધ હતા. એટલે જ એમણે 'રામરાજ્ય'ની કલ્પના કરી હતી. એમ કહીને શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પૂજ્ય ગાંધીજીને ગમતી સર્વધર્મ પ્રાર્થનાઓ આપણે યંત્રવત્ ગાઈ નાખીએ એટલું પૂરતું નથી, આ પ્રાર્થનાઓના એકેએક શબ્દો આપણા જીવનનો હિસ્સો બને એટલી સજાગતા કેળવવી જોઈએ. સ્વરાજ્ય પછી સુરાજ્ય બને અને રામરાજ્ય સ્થપાય એ માટે કર્તવ્યનિષ્ઠાથી આપણું યોગદાન આપીએ. આ અવસરે ગાંધીયન સોસાયટી, અમેરિકાના સચિવ મહેશ વાણીએ આંતરરાષ્ટ્રીય વિડિયો સ્પીચ પ્રતિયોગિતા વિશે વિગતવાર માહિતી આપી હતી.

ગુજરાત વિદ્યાપીઠના કાર્યકારી કુલપતિ ડો. ભરતભાઈ જોશીએ સ્વાગત ઉદબોધનમાં કહ્યું હતું કે, ૩૦મી જાન્યુઆરી, ૧૯૪૮એ એક અદભુત ચેતનાએ શરીર છોડ્યું હતું, પરંતુ એ ચેતના આજે પણ આપણામાં સમાયેલી છે. આજે પણ આપણે સહઅસ્તિત્વની અનુભૂતિ કરી રહ્યા છીએ. આ અવસરે પૂર્વ મંત્રી અને ગુજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, ગુજરાત વિદ્યાપીઠ મંડળના મંત્રી ડો. હર્ષદભાઈ પટેલ, ગાંધી કિંગ ફાઉન્ડેશન, શિકાગોના સંસ્થાપક ડો. શ્રીરામ સોન્ટી, સંયોજક ડો. અરૂણ ગાંધી, ગુજરાત વિદ્યાપીઠ મંડળના ટ્રસ્ટીઓ, મહાનુભાવો અને મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

# 'સુક્તિઓના સ્વપ્ન' પુસ્તકનું વિમોચન કરતા સહકાર રાજ્ય મંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા

**સારા પુસ્તકોનું વાંચન સમાજને હંમેશા સાચી દિશા તરફ દોરી જાય છે :**

(પ્રતિનિધિ દ્વારા)
ગાંધીનગર તા.૩૧

ગાંધીનગર ખાતે સહકાર રાજ્ય મંત્રી જગદીશભાઈ વિશ્વકર્માએ 'સુક્તિઓના સ્વપ્ન' પુસ્તકનું વિમોચન કર્યું હતું. રાજ્ય મંત્રીએ લેખક પી.ડી. સુથાર અને સદવાંચન પરિવારના સંયોજક ભાનુભાઈ દવેને ધન્યવાદ પાઠવતા જણાવ્યું હતું કે, સારા પુસ્તકોનું વાંચન સમાજને હંમેશા સાચી દિશા તરફ દોરી જાય છે અને સારા પુસ્તકો થકી જ વાંચે ગુજરાત અભિયાનને વેગ મળે છે. તેમણે વધુમાં જણાવ્યું કે, લેખકો તો સર્વ ઉપયોગી સાહિત્ય લખવા પ્રેરાઈને લખતા જ રહે છે, પરંતુ આજે મોબાઈલનો વધતો જતો ઉપયોગ અને તેની હકારાત્મક અસરો તપાસ્યા સિવાય આપણે સારૂ અથવા નરસુ, જોવું અને સંભાળવુની વળગણના કારણે પુસ્તક વાંચન કરતા લોકોની સંખ્યા ઘટતી જાય છે. વળી સમય કાઢીને વાંચવા અને પુસ્તકમાં રજૂ થયેલા વિચારોના અભિષેકથી અમલ કરવાની ભાવના મુરઝાતી જાય છે. વાચકોએ એ સમજવું જોઈએ કે પોતાની જીવન નૈયા પાર કરવામાં કોઈ સક્ષમ સાચો મિત્ર હોય તે પુસ્તકો જ છે. પી.ડી.સુથારે જણાવ્યું કે, સચિત્ર પુસ્તક 'સુક્તિઓના સ્વપ્ન'નું વાંચન-મનન કરવાથી બાળકો-વડીલોને પ્રેરણા મળશે પુસ્તકમાં સ્વપ્ન, આપણી વાત આ, વ્યસનથી થતું નુકસાન અને સુક્તિઓના સ્વપ્ન વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

# પ્રાચી તીર્થની કે.કે. મોરી સ્કૂલમાં ખેલ મહાકુંભ અંતર્ગત હેન્ડબોલ રમત યોજાઈ





(પ્રતિનિધિ દ્વારા) પ્રાચી તા.૩૧ : સુત્રાપાડા તાલુકાના પ્રાચી તીર્થ ખાતે આવેલા કે.કે. મોરી સ્કૂલમાં ખેલ મહાકુંભ ૨.૦ અંતર્ગત જિલ્લા કક્ષાની હેન્ડબોલ રમતનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ગીર-સોમનાથજિલ્લાના હેન્ડબોલ રમત ખેલાડીઓએ ભાગ લીધો હતો. અલગ-અલગ એજ ગ્રુપમાં ભાઈઓ અને બહેનો ભાગ લીધો હતો. જેમાં પ્રાચીની કે.કે.મોરી સ્કૂલના ભાઈઓ પ્રથમ ક્રમે વિજેતા બન્યા હતા અને બહેનો દ્વિતીય ક્રમે આવ્યા હતા. આ સિધ્ધી બદલ શાળા સ્ટાફ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. જેમાં કે.કે. મોરી સ્કૂલના ટ્રસ્ટી તેમજ પ્રિન્સિપાલ તેમજ સ્ટાફગણ અને ગીર સોમનાથ જિલ્લાના વ્યાયમ મંડળના પ્રમુખ અરજનભાઈ પરમાર હાજર રહ્યા હતા અને ખેલાડીને પ્રોત્સાહીત કર્યા હતા. (તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

# ખંભાળિયામાં દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર તરીકે મોરબીના જી.ટી. પંડ્યાને મુકાયા





(કુંજન રાડિયા દ્વાર)
જામ ખંભાળિયા તા.૩૧

રાજ્ય સરકાર દ્વારા ગઈકાલે રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં ફરજ બજાવતા અધિકારીઓની સામૂહિક બદલી કરવામાં આવી છે. જેમાં મોરબીના જિલ્લા કલેકટર જી.ટી. પંડ્યાને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મૂકવામાં આવ્યા છે. ગત તારીખ ૫ એપ્રિલ ૨૦૨૩ ના રોજ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સમાહર્તા તરીકે મૂકવામાં આવેલા અશોક શર્માને સંભવિત રીતે આગામી દિવસોમાં રાજ્યમાં મહત્વની જવાબદારી સાથે પ્રમોશન મળવાની સંભાવનાઓ જોવા મળી રહી છે. ત્યારે ગઈકાલે રાજ્યમાં થયેલા જુદાજુદા ઓર્ડરોમાં દેવભૂમિ દ્વારકા જિલ્લા કલેકટર તરીકેની જવાબદારી જી.ટી. પંડ્યાને સોંપવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે દેવભૂમિ દ્વારકામાં વિવિધ મહત્વની કામગીરી તેમજ પારદર્શક વહીવટ માટે અશોકકુમાર શર્માની પ્રશંસા થઈ રહી છે. એટલું જ નહીં લોકાભિમુખ વહીવટ અને સામાન્ય જનતાના કામ પણ તંત્ર દ્વારા સુવ્યવસ્થિત રીતે કરવા બદલ લોકોમાં તેમની સરાહના થઈ રહી છે. આગામી દિવસોમાં તેમના પ્રમોશન સાથેનો ઓર્ડર થવાની સંભાવના છે.

**દ્વારકા જિલ્લામાં નવમાંથી પાંચ કલેક્ટર "ભૂદેવ"**

વર્ષ ૨૦૧૩ થી જામનગરથી અલગ થયેલા દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મુકવામાં આવેલા નવમાં જિલ્લા કલેકટર જી.ટી. પંડ્યા છે. ત્યારે અત્યાર સુધીમાં જિલ્લામાં ફરજ બચાવી ચૂકેલા કુલ નવ પૈકી પાંચ કલેકટર બ્રાહ્મણ જ્ઞાતિના છે. એટલું જ નહીં, આ પાંચમાંથી ત્રણ કલેક્ટર પંડ્યા સરનેમ ધરાવે છે. વર્ષ ૨૦૧૩ ના માં અહીંના પ્રથમ જિલ્લા કલેકટર તરીકે ડી.પી. જોશી હતા. ત્યારબાદ એસ.કે. પંડ્યા, એમ.એ. પંડ્યા, તત્કાલીન કલેકટર અશોક શર્મા અને હવે જી.ટી. પંડ્યા એમ ૧૧ વર્ષમાં નવ પૈકી પાંચ જિલ્લા કલેકટરો ભૂદેવ રહ્યા છે. જે બાબત પણ નોંધનીય ગણાય.

# ખંભાળિયામાં ગાઢ ધુમ્મસનું સામ્રાજ્ય છવાયું



(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૩૧ : ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારમાં આજે વહેલી સવારથી ધુમ્મસભર્યો માહોલ સર્જાયો હતો. વહેલી સવારથી ઊતરી આવેલી ઝાંકળથી હાઈવે પરના વાહન ચાલકોએ હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. શહેરમાં પણ ધુમ્મસના કારણે પાણીની આછી ચાદર સર્વત્ર છવાઈ ગઈ હતી. ધુમ્મસના પગલે સવારે ઠંડી તેમજ બપોરના સમયે ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો.

# અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિએ પત્રકારો ઉપર થઈ રહેલા તથ્ય હિન કેસો મામલે મુખ્યમંત્રીને આવેદન આપ્યું

**પત્રકાર તુષાર બસિયા સામે ગુનો નોંધવા સામે વિરોધ : પત્રકારો ઉપરના ૨૦ હુમલામાં પગલાં ભરવા માંગ**

(નિરવ ગઢીયા દ્વારા)
ઉના તા.૩૧

મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ સમક્ષ ગુજરાતના પત્રકારો ઉપર થતાં અત્યાચાર, હુમલા, પરેશાની, સોશ્યલ મિડિયામાં થતાં હુમલાં અને સત્તાધીશો દ્વારા કરાતી હેરાનગતી અંગે રજૂઆતો ૩૦ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિ દ્વારા કરવામાં આવી હતી. આવેદનપત્ર આપતાં પહેલાં પત્રકારો ગાંધીનગર અખબાર ભવન ખાતે એકઠા થયા હતા અને પીઢ પત્રકાર દિલીપ ગોહિલના અવસાન અંગે શોકસભા કરી બે મૌન શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિનાં રાષ્ટ્રીય અધ્યક્ષ જિજ્ઞેશ પટેલ, સુજલ મિશ્રા, દિનેશ ગઢવી, કિશન પંડ્યા, સંજય જાની, સંજયસિંહ ચૌહાણ, વિજયવીર યાદવ તૌફીક ઘાંચી સહિતનાં પત્રકારોએ મુખ્ય પ્રધાન કાર્યાલય ખાતે આપેલ આવેલા આવેદનમાં મહત્વના મુદ્દાઓ રજૂ કરાયા હતા.

# ખંભાળિયાના દેશી દારૂની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા બુટલેગરને હદપાર કરાયો



(કુંજન રાડિયા દ્વારા)
જામ ખંભાળિયા તા.૩૧

ખંભાળિયાના હરસિધ્ધિ નગર વિસ્તારમાં રહેતા એક શખ્સ સામે દેશી દારૂ અંગેના ગુનાઓ નોંધાતા આ અંગે કરવામાં આવેલી પોલીસ કાર્યવાહીમાં તેને ત્રણ જિલ્લાઓમાંથી હદપાર કરવા અંગેનો હુકમ કરવામાં આવ્યો છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પોલીસ તંત્ર દ્વારા પ્રવૃત્તિ ઉપર અંકુશ મેળવવા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય તથા ઈન્ચાર્જ એસ.પી. રાઘવ જૈન દ્વારા અહીંના ડી.વાય.એસ.પી. હાર્દિક પ્રજાપતિને સાથે રાખીને વિવિધ પ્રકારની કામગીરી કરવા માટેના કરાયેલા હુકમ અંતર્ગત ખંભાળિયા પોલીસ મથકના ઈન્ચાર્જ પી.આઈ. એસ.વાય. ઝાલા દ્વારા સઘન કામગીરી કરવામાં આવી હતી. જે અંતર્ગત ખંભાળિયાના હરસિધ્ધિ નગર વિસ્તારમાં રહેતા ધારા પેથા સઠીયા નામના ગઢવી શખ્સ સામે આ વિસ્તારમાં દેશી દારૂનું વ્યાપક પ્રમાણમાં ગેરકાયદેસર રીતે વેચાણ કરી અને સમાજમાં દુષણ ફેલાવવામાં આવતું હોવાથી પી.એસ.આઈ. એસ.વી. ગળચર દ્વારા આ અંગેની ગ્રાઉન્ડ લેવલની કામગીરી કરી, અને ઉપરોક્ત શખ્સ સામે હદપારી અંગેની દરખાસ્ત તૈયાર કરીને અહીંના પ્રાંત અધિકારી સમક્ષ મુકવામાં આવી હતી. જેને ધ્યાને લઈને અહીંના એસ.ડી.એમ. કે.કે. કરમટા દ્વારા અસામાજિક પ્રવૃત્તિઓ ફેલાવવા બદલ આરોપી ધારા પેઠા સઠીયાને દેવભૂમિ દ્વારકા, જામનગર અને પોરબંદર એમ ત્રણ જિલ્લામાંથી છ માસ માટે હદપાર કરવાનો હુકમ કર્યો છે. જેને અનુલક્ષીને પી.એસ.આઈ. એસ.વી. ગળચર દ્વારા ઉપયોગ આરોપીની અટકાયત કરી અને ત્રણેય જિલ્લાની હદ બહાર મોકલવાની તજવીજ કરવામાં આવી હતી.

### ગાંધીનગરમાં જ ગાંધીજી ભૂલાયા

# નિર્વાણ દિવસ નિમિત્તે સાયરન વાગ્યું છતાં કોઈએ મૌન પાળવાની તસ્દી ન લીધી

**ગુજરાત વિધાનસભા માં મુકાયેલી સાયરન વાગી હતી જો કે બે મિનિટની મૌન પાળવાની જગ્યાએ દરેક પોતાના કામમાં જ વ્યસ્ત હતા**

ગાંધીનગર, તા.૩૧

શહીદો પ્રત્યે ઋણ અદા કરવા તથા તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા આજે શહીદ દિને દેશભરમાં મૌન પાળવામાં આવે છે. ગાંધીજીના નિર્વાણ દિવસ નિમિત્તો શહીદ દિન તરીકે ઉજવાય છે ૧૦ ને ૫૯ મિનિટે સાયરન વગાડવામાં આવે છે અને બે મિનિટનું મૌન પાળવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા આ પરિપત્ર કરવામાં આવ્યો હતો જોકે આજે વાસ્તવિકતા બિલકુલ અલગ છે.

ગુજરાત વિધાનસભા માં મુકાયેલી સાયરન વાગી હતી જો કે બે મિનિટની મૌન પાળવાની જગ્યાએ દરેક પોતાના કામમાં જ વ્યસ્ત હતા. વિધાનસભા સામેનો રસ્તા પરનો ટ્રાફિક પણ કઈ જ ખબર ન હોય તે પ્રકારે ચાલુ હતો. રસ્તા પર લોકોની અવરજવર પણ જોઈ શકાતી હતી. રાજ્ય સરકાર દ્વારા આ પરિપત્ર કરવામાં આવ્યો હતો. જોકે ગાઁધીનગરમાં આજે વાસ્તવિકતા બિલકુલ અલગ જોવા મળી.

ગુજરાત વિધાનસભા માં મુકાયેલી સાયરન વાગ્યુ હતું, જો કે બે મિનિટની મૌન પાડવાની જગ્યાએ દરેક પોતાના કામમાં જ વ્યસ્ત હતા. વિધાનસભા સામેનો રસ્તા પરનો ટ્રાફિક પણ કઈ જ ખબર ન હોય તે પ્રકારે ચાલુ હતો. રસ્તા પર લોકોની અવરજવર પણ જોઈ શકાતી હતી. દેશ માટે ગાંધીજીએ જયારે પોતાનું બલીદાન આપ્યું હતું ત્યારે તેને આજે યાદ કરવાનો પણ રાજય સરકાર પાસે સમય ન હોય તે બાબત લોકો માટે ભારે આંચકાજનક બની રહી છે અને આ અંગે સર્વત્ર લોકોમાં રોષની લાગણી જન્મી છે.

# ખંભાળિયામાં આયુર્વેદિક ઔષધાલયનો પુનઃ પ્રારંભ



(કુંજન રાડિયા દ્વારા)
જામ ખંભાળિયા તા.૩૧

ખંભાળિયામાં આવેલા જલારામ બાપાના મંદિર ખાતે આયુર્વેદિક ઔષધાલયનો પુનઃ પ્રારંભ કરવામાં આવ્યો છે. અહિં દર રવિવારે સાંજે ૪ થી ૬ સુધી કાર્યરત રહેનારા આ ઔષધાલયમાં આયુર્વેદિક નિષ્ણાત ડોક્ટર હેત મશરૂ દ્વારા દર્દીઓને તપાસીને માત્ર ટોકન દરે ઉચ્ચ ગુણવત્તાની દવાઓ આપવામાં આવશે. આ આયુર્વેદિક ઔષધાલયના ઉદઘાટન પ્રસંગે જલારામ મંદિર અન્નક્ષેત્ર ટ્રસ્ટના પ્રમુખ ધીરેનભાઈ બદીયાણી, ઉપપ્રમુખ ભાવેશભાઈ વિઠલાણી, ટ્રસ્ટીઓ દિનેશભાઈ ધકાણ, મહેન્દ્રભાઈ કુંડલીયા, ડો. નિલેશભાઈ રાયઠઠા તેમજ મનીષભાઈ પાબારી ઉપસ્થિત રહ્યા હતા. ખંભાળિયા શહેર તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોની જનતાને આ કેમ્પનો લાભ લેવા તથા દર્દીઓએ જો કોઈ દવા ચાલુ હોય તો તેની વિગતો સાથે રાખવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ભાણવડના માનપર વિસ્તારમાં લુંટારૂઓ ત્રાટક્યા નિંદ્રાધીન વૃદ્ધાના સોનાના વેઢલાની લૂંટ

(કુંજન રાડિયા દ્વારા)
જામ ખંભાળિયા તા.૩૧

ભાણવડ તાલુકાના ગ્રામ્ય પંથકમાં રહેતા એક પરિવારના મકાનમાં રાત્રિના સમયે તસ્કરોને ત્રાટકી અને ઘરમાં સૂતેલા ૮૦ વર્ષીય વૃદ્ધાના કાનમાંથી સોનાના વેઢલાની લૂંટ થયાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. આ સમગ્ર બનાવ અંગે ભાણવડથી આશરે ૨૦ કિલોમીટર દૂર માનપર ગામે રહેતા અને ખેતી વ્યવસાય સાથે સંકળાયેલા જગાભાઈ ઉર્ફે ભુટાભાઈ કારાભાઈ બેરા નામના ચાલીસ વર્ષના આહીર યુવાને ભાણવડ પોલીસ મથકમાં જાહેર કરેલી વિગત મુજબ ગત તારીખ ૩૦ જાન્યુઆરીના રોજ રાત્રિના સમયે તેમના માતા મટુબેન (ઉ.વ. ૮૦) પોતાના ઘરમાં આવેલી ઓસરીના ખાટલા ઉપર સુતા હતા. ત્યારે રાત્રિના આશરે બારેક વાગ્યાના સમયે ચોરી કરવાના ઈરાદે ત્રણ શખ્સો તેમના ઘરમાં પ્રવેશ્યા હતા. આશરે ૨૦ થી ૩૦ વર્ષની ઉંમરના આ ત્રણ અજાણ્યા શખ્સોએ ઓસરીમાં ખાટલા ઉપર સૂતેલા મટુબેનને પકડી રાખીને તેણીએ કાનમાં પહેરેલા રૂપિયા ૪૦ હજારની કિંમતના એક તોલા સોનાના વેઢલા કાઢી લઈને લૂંટ કરીને નાસી છૂટચા હતા. ગ્રામ્ય વિસ્તારમાં લૂંટ ચલાવીને અંધારામાં ઓગળી ગયેલા આ ત્રણ અજાણ્યા શખ્સો સામે ભાણવડ પોલીસે આઈપીસી કલમ ૩૯૨, ૪૯૭ તથા ૩૪ મુજબ ગુનો નોંધી, આગળની તપાસ ભાણવડના પી.એસ.આઈ. એમ.આર. સવસેટા દ્વારા હાથ ધરવામાં આવી છે. રાત્રિના સમયે ગ્રામ્ય વિસ્તારમાં થયેલી લૂંટના આ બનાવે સ્થાનિક ગ્રામજનોમાં ભય સાથે ભારે ચર્ચા જગાવી છે.

# ડો.સુભાષ મહિલા આર્ટસ કોમર્સ એન્ડ હોમ સાયન્સ કોલેજની છાત્રાઓએ ગીર બથેશ્વર કેમ્પ સાઈડ ખાતે પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં લીધો ભાગ

જૂનાગઢ, તા.૩૧

ડો.સુભાષ મહિલા આર્ટસ કોમર્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ, જૂનાગઢની ૩૫ વિદ્યાર્થીની બહેનોએ પ્રકૃતિ શિક્ષણ શિબિર પશ્ચિમ વન વિભાગ જૂનાગઢ દ્વારા આયોજિત જામવાળા (ગીર) બથેશ્વર કેમ્પ સાઈડ ખાતે પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં ભાગ લીધોહતો. ત્રિદિવસીય શિબિરમાં શિબીરાર્થી બહેનોએ પ્રકૃતિ શિક્ષણનાં જ્ઞાન સાથે ગીરજંગલના માહોલનો સૌએ પરિચય કેળવ્યો હતો. શિબીરાર્થીઓનાં ચહેરા ઉપર પ્રકૃતિના સંદર્ભમાં કશુક નવીન પામ્યાનો અહેસાસ વર્તાતો હતો. શિબિરમાં વિદ્યાર્થીઓને પ્રકૃતિથી પરિચિત કરાવવામાં આવેલ તેમના મનમાં પ્રકૃતિ તરફનો લગાવ જાગે અને વધુ ને વધુ પ્રકૃતિ તરફ રસ લેતા થાય તે માટે રસપ્રદ અનેક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આર.એફ.ઓ. અમીને ટ્રેકિંગ કેમ્પ તથા કેમ્પ ફાયર ,પશુ પંખી પ્રાણીઓની દિનચર્યાથી અવગત કરવામાં આવેલ તથા વનસ્પતિની ઓળખ વગેરે વગેરે રસપ્રદ કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. શિબિરમાં પ્રશિક્ષક ગઢવીએ પોતાની લાક્ષણિક શૈલીમાં સહુને જંગલથી પરિચિત કરાવ્યા હતા. તથા પ્રશિક્ષક રમેશભાઈએ વન્ય જીવજંતુ પ્રાણીઓની તેના તાદ્રશ્ય અનુભવો વર્ણવતા શિબીરાર્થી વિદ્યાર્થીનીઓ માટે કશુક નવુ જાણ્યાની અનુભતિ થઈ હતી. ફોરેસ્ટર સરવૈયાએ પોતાની નોકરીકાળના જંગલના અનુભવોની જંગલની અગત્યતા અને આપણે જંગલને સાચવવા શું શું કરવું જોઈએ એ વિષય ઉપર વાતો કરી હતી. પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં રાઠોડ, ઉપેક્ષાબેન સહિત પ્રાધ્યાપકોનાં જ્ઞાનનો લાભ પ્રાપ્ત થયો હતો. આ શિબિરના અંતે દરેક શિબિરાર્થીને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું ભવિષ્યમાં આ શિબિરાથીઓ પ્રકૃતિનું જતન કરવામાં ઉપયોગી નિવડશે એવી આશા રાખવામાં આવી હતી. પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં એન.એસ.એસ. ઓફિસર બી.એમ.પટેલ તથા અધ્યાપક પ્રો. એ.એન.રાબડિયા, પ્રા. ડો.હીરાબેન રાજવાણી, પ્રો દિવ્યેશ ઢોલા, ક્રિષ્નાબેન વગેરે ભાગ લીધો.

શિબિરની વ્યવસ્થા અને આયોજન સંદર્ભે ડો.સુભાષ મહિલા આર્ટસ કોમર્સ એન્ડ હોમ સાયન્સ કોલેજ, જૂનાગઢનાં ટ્રસ્ટી જવાહરભાઈ ચાવડાએ અભિનંદન પાઠવેલ તથા સંસ્થાના આચાર્ય ડો.બલરામ ચાવડાએ સૌને બિરદાવ્યા હતા.

# જૂનાગઢ જીલ્લાની ૭૧૫ સરકારી શાળાઓમાં 'શાળા સલામતી સપ્તાહ'ની ઉજવણી

## ભૂકંપ, વાવાઝોડુ, પુર, ઔદ્યોગિક અકસ્માત, આગ જેવી આપત્તિઓ સમયે વ્યવસ્થાપનની સમજ અપાશે







જૂનાગઢ, તા.૩૧

ભૂકંપ, વાવાઝોડુ, પુર, ઔદ્યોગિક અકસ્માત, આગ જેવી બહુવિધ આપત્તિઓ સમયે શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓમાં આપત્તિ વ્યવસ્થાપન અંગે જાગૃત્તિ કેળવાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા શાળા સલામતી કાર્યક્રમ અમલમાં મુકાયો છે. આપત્તિ સમયે સાવચેતી અને સલામતી વિશે વિશેષ માર્ગદર્શન મળી રહે તે માટે તા. ૨૯ જાન્યુઆરી થી તા. ૩ ફેબ્રુઆરી ૨૦૨૪ સુધી જૂનાગઢ જિલ્લાની ૧૨૬ પ્રાથમિક શાળામાં મેગા ઈવેન્ટ અને કુલ ૭૧૫ સરકારી પ્રાથમિક શાળામાં ''શાળા સલામતી સપ્તાહ – ૨૦૨૪''ની ઉજવણી કરવામાં આવી રહી છે. આજ તા.૩૧ જાન્યુ.ના રોજ ત્રીજા દિવસે શાળાના તાલીમ પામેલા શિક્ષકો, ફાયર બ્રિગેડ અને આપદામિત્ર દ્વારા આગ, અકસ્માત, ભૂકંપ અને પૂર જેવી આપત્તિ સમયેની સમજ અપાશે. તા. ૧ ફેબ્રુઆરીના રોજ ચોથા દિવસે ચિત્ર, નિબંધ, વકતૃત્વ સ્પર્ધા શાળા કક્ષાએ યોજાશે. તા. ૨ ફેબ્રુઆરીના રોજ પાંચમાં દિવસે ૧૦૮ એમ્બ્યુલન્સ, એનડીઆરએફ, એસડીઆરએફ અને ફાયર બ્રિગેડ દ્વારા શોધ અને બચાવ તેમજ પ્રાથમિક સારવાર અંગેની માહિતી આપવામાં આવશે. તા.૩ ફેબ્રુઆરીના રોજ છઠ્ઠા દિવસે એનડીઆરએફ, એસડીઆરએફ અને ફાયર બ્રિગેડ દ્વારા ડેમોસ્ટ્રેશન, મોકડ્રીલ અને ઈનામ વિતરણ કરાશે. જૂનાગઢ જિલ્લાની ૧૨૬ પ્રાથમિક શાળાઓમાં મેગા ઈવેન્ટ અને જિલ્લાની કુલ ૭૧૫ સરકારી પ્રાથમિક શાળામાં ''શાળા સલામતી સપ્તાહ''ની ઉજવણી સતત છ દિવસ સુધી કરાશે.

# ગુજરાતમાં ૬૦ વર્ષથી વધુ વય ધરાવતા સિનીયર સીટીઝન ભાઈ-બહેનો માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન

જૂનાગઢ, તા.૩૧

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન ગુજરાતમાં ૬૦ વર્ષથી ઊપરનાં સિનીયર સિટીઝન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં એથલેટીક્સ, વોલીબોલ, યોગાસન, ચેસ, કેરમ, રસ્સાખેંચ, રમતનું આયોજન કરવામાં આવનાર છે. જેથી સીનીયર સીટીઝન સ્વાસ્થ્ય જળવાઈ રહે અને સીનીયર સીટીઝન આ વિભાગની પ્રવૃતિ પ્રવૃતિ સાથે જોડાઈ રહે તે હેતુથી યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

એથલેટીક્સ, વોલીબોલ, યોગાસન, ચેસ, કેરમ, રસ્સાખેંચ, આમ ૬ રમતોનું જૂનાગઢ જિલ્લામાં જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર જૂનાગઢ ખાતેથી આયોજન કરવામાં આવનાર છે. સ્પર્ધામાં ભાગ લેવા માંગતા સીનીયર સીટીઝન ખેલાડીઓએ જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી જૂનાગઢ ખાતેથી જૂનાગઢ ગ્રામ્ય અને શહેર સ્પર્ધાનાં ફોર્મ મેળવીને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરીને પરત કરવાનાં રહેશે. ભાગ લેનાર ખેલાડીઓની એન્ટ્રીના આધારે કાર્યક્રમની તારીખ અને સ્થળની જાણ કરવામાં આવશે. વધુ વિગત માટે સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પલેક્સ ગાંધીગ્રામ જૂનાગઢનો રૂબરૂમાં અથવા મોબાઈલ નંબર ૭૮૫૯૯ ૪૬૯૮૪ ઊપર સંપર્ક સાધી જાણકારી હાંસલ કરી શકાશે. તેમ જિલ્લા રમત ગમત અધિકારી જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર જૂનાગઢની યાદીમાં જણાવાયુ છે.

# અંધ કન્યા છાત્રાલય તથા સત્યમ સેવા યુવક મંડળ - જૂનાગઢ દ્વારા ૭૫ માં પ્રજાસત્તાક દિન નિમિત્તે પ્રજ્ઞાચક્ષુ દીકરીઓ દ્વારા ધ્વજ વંદનનો કાર્યક્રમ યોજાયો





જૂનાગઢ, તા.૩૧

તા.૨૬ જાન્યુઆરીના રોજ જૂનાગઢ ખાતે પ્રજાસત્તાક દિનની રાજ્યકક્ષાની ઉજવણી કરવામાં આવેલ .જેના ભાગરૂપ જવાહર રોડ સ્થિત પ્રજ્ઞા ચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટની અંધ દીકરીઓ દ્વારા ધ્વજ વંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. રાષ્ટ્ર ધ્વજને સલામી આપી સમૂહમાં રાષ્ટ્રગાનનું પઠન કરીને શહીદોને શ્રદ્ધાંજલિ આપી તેમના બલિદાનને બિરદાવેલ હતું.

વિશેષમાં બેન્ક ઓફ બરોડા દોલત પરા શાખાના બ્રાન્ચ મેનેજર સંતોષકુમાર દ્વારા દીકરીઓને રસોઈમાં ઉપયોગી થાય તેવા હેતુથી બેંક તરફથી ઓવન ભેટ આપવામાં આવેલ હતું. આ પ્રસંગે નિસર્ગ નેચર ક્લબના પ્રમુખ ડો.પાર્થ ગણાત્રા, બેન્ક મેનેજર સંતોષકુમાર, સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા, મેનેજિંગ ટ્રસ્ટી મુકેશગીરી મેઘનાથી, ટ્રસ્ટીઓ શાંતાબેન બેસ, બટુકબાપુ, અલ્પેશભાઈ પરમાર તથા પ્રવીણભાઈ જોશી, ચંપકભાઈ જેઠવા, સાજીદભાઈ, મનોજભાઈ સાવલિયા, જીત ગણાત્રા વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને ખૂબ જ ભાવથી પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવેલ હતી.

# વાઘ બકરી ચા સમુહએ જલારામ હોસ્પીટલ મેઘરજ સાથે હાથ મિલાવ્યા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૩૧




વાઘ બકરી ચા સમુહ તેની પરોપકારી પ્રવૃત્તિઓ માટે જાણીતું છે. વાઘ બકરી ચાના પ્રમોટર્સ સમાજને પાછું આપવાંની ઉદાત્ત ભાવના શરૂઆતથીજ રાખેલ છે. આ માટે વાઘ બકરી ચા સમુહ એ જલારામ હોસ્પિટલ, મેઘરજ સાથે હાથ મિલાવ્યા છે. આજે, વાઘ બકરી સમૂહની સેલ્સ ટીમ અને સેલ્સ પાર્ટનર્સની હાજરીમાં નવી એમ્બ્યુલન્સનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે, સમૂહના સી.એસ.આર.ના અજય સિસિલિયાએ સમાજ પ્રત્યે વાઘ બકરી ચા સમુહની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી. પોતાની સેવામાં ભાગ બનાવવા માટે તેમણે જલારામ હોસ્પિટલનો આભાર માન્યો હતો. જલારામ હોસ્પિટલ, મેઘરજ, માલપુર અને મોડાસા તાલુકાના ગરીબ દર્દીઓને સેવા આપે છે. સરહદ ઉપરના રાજસ્થાનના દર્દીઓ પણ આ હોસ્પિટલમાં આવે છે. દરરોજ ૪૦૦થી ૫૦૦ OPD કેસ અને ૧૫૦ ઈન્ડોર દર્દીઓ ગાયનેક, નેત્રરોગ, દંત ચિકિત્સા માટેની સેવાઓ મેળવે છે. આજરોજ મોતિયાના ૪૫ ઓપરેશન કરવામાં આવ્યા છે. જલારામ હોસ્પિટલ,દર્દીઓની સારી સેવા માટે મલ્ટી સ્પેશિયલીટી હોસ્પિટલ બનાવી રહ્યું છે. આ પ્રસંગે હાજર રહેલા વાઘ બકરી ચાના મોડાસાના ડીલર મોહમદઅલીએ રૂા.૨૧૦૦૦ અને ધનસુરાના ડીલર ગોપાલ ઠેકડીએ રૂા.૧૧૦૦૦નું દાન જલારામ હોસ્પિટલ આપ્યું હતું.

# જૂનાગઢ જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા જૂની રમતોનું આયોજન

જૂનાગઢ, તા.૩૧

પરંપરાગત રમતોની સ્પૃધા આયોજન કરવાની યોજના અમલમાં છે. આ યોજનામાં જર્ની રમતો જેવી કે દોરડા કુદ (જમ્પરોપ), સાતોલીય (લગોરી) લંગડી, માટીનીકુસ્તી, કલરીપટ્ટુ જેવી રમતો ભુલાઈ ના જાય અને પ્રવર્તમાન સમયમાં બાળકો મોબાઈલ ઉપર ગેઈમ રમતા હોય જેનાથી નુકશાન થતુ હોવાની જાણકારી હોવા છતાં વાલીઓ દ્વારા બાળકોને મોબાઈલ આપે છે. આ મોબાઈલની રમતોથી બાળકોને ગ્રાઉન્ડની રમતો તર. વાળવા હોય તો તેમને દેશી રમતો રમતા થાય તે હેતુથી આ યોજના અમલમાં મુકી છે. સાતોલીયુ (લગોરી), કલરીપ્ટ, દોરડાકુદ (જમ્પરોપ) લંગડી અને માટીની કુસ્તી જેવી પાંચ રમતોનું જૂનાગઢ જિલ્લામાં આયોજન કરવામાં આવનાર છે.સ્પર્ધામાં ભાગ લેવા માંગતા ૧૯ વર્ષથી નીચેની છવય જુથના ભાઈ-બહેનો ખેલાડીઓએ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી જૂનાગઢખાતેથી જૂનાગઢ ગ્રામ્ય અને શહેર સ્પર્ધાનાં ફોર્મ મેળવી વિગતો ભરીને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરીમાં પરત કરવાનાં રહેશે. ભાગ લેનાર ખેલાડીઓની એન્ટ્રીનાં આધારે કાર્યક્રમોની તારીખ અને સ્થળની જાણ કરવામાં આવશે. વધુ વિગત માટે સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પલેક્સ ગાંધીગ્રામ જૂનાગઢનો રૂબરૂમાં અથવા મોબાઈલ નંબર ૭૮૫૯૯ ૪૬૯૮૪ ઊપર સંપર્ક સાધી જાણકારી હાંસલ કરી શકાશે. તેમ જિલ્લા રમત ગમત અધિકારી જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર જૂનાગઢની યાદીમાં જણાવાયુ છે.

# ભારત વિકાસ પરિષદ કેશોદ દ્વારા ભાવ સંપર્ક યોજાયો

(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ, તા.૩૧



ભારત વિકાસ પરિષદની સમગ્ર ભારતમાં ૧૫૦૦ જેટલી શાખાઓ આવેલી છે જેમાં વિવિધ પ્રકારની સેવાઓ દ્વારા ભારતને જોડવાનું કાર્ય કરવામાં આવી રહ્યું છે. આના અનુસંધાને ભારત વિકાસ પરિષદ દ્વારા પંચ સુત્રનુંપાલન કરવામાંઆવી રહ્યું છે જેમાં સંપર્ક, સહયોગ, સંસ્કાર સેવા અને સમર્પણ જેવા પાંચ સૂત્રો સાથે રાખીને સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવે છે. ભારત વિકાસ પરિષદ ની કેશોદ શાખા દ્વારા પંચ સુત્રમાનું એક સંપર્કને ધ્યાનમાં રાખી તેમના ૧૫૨ સભ્યોનાં ઘરે ઘરે જઈ પરિવારોને મળી ભાવ સંપર્ક કરી દરેકનાં રીવ્યુ જાણ્યા હતાં તેમજ દરેક પરિવારોને સંસ્થાનું કેલેન્ડર, અયોધ્યાના રામ લલ્લાની છબી, ભરત કો જાનોની બુક તેમજ પેન ભાવરૂપે આપવામાં આવી હતી. પ્રમુખ મહાવીરસિંહ જાડેજાનાં જણાવ્યાં મુજબ દરેક સભ્યને મળવવા માટે વર્ષમાં એક વાર દરેક સભ્યનાં ઘરે જઈ તેમનો ભાવ સંપર્ક કરવામાં આવે છે અને સંસ્થા વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવે છે.

# કચ્છના કાન, નાક અને ગળાના દર્દીઓને આધુનિક મેડિ. ટેકનોલોજીનો ફાયદો મળશે

# અદાણી મેડિ. કોલેજમાં આયોજિત ૪ દિવસીય ઈ.એન.ટી. કોન્ફમાં રોબોટિક અને લેસર સર્જરી, સંશોધન, સમાધાન અને સમસ્યા ઉપર યોજાઈ વિસ્તૃત ચર્ચા

## પુણે, લખનૌ અને અમદાવાદના નિષ્ણાતોએ કર્યું મોર્ડન સર્જરીનું જીવંત નિદર્શન : સેમિનારમાં ૨૦૦ સર્જનો અને પી.જી. સ્ટુડન્ટ્સ જોડાયા






(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૩૧

અદાણી મેડિકલ કોલેજમાં યોજાયેલી રાજ્ય કક્ષાની કાન,નાક અને ગળાના સર્જનોની ચાર દિવસીય કોન્ફરન્સમાં કચ્છ સહિત રાજ્યના ઈ એન. ટી. સર્જનો વૈશ્વિકસ્તરની રોબોટિક અને લેસર જેવી આધુનિક ઓપરેશન ટેકનોલોજીથી વાકેફ થયા હતા. જેનો સીધો ફાયદો કરછના દર્દીઓને મળશે.

કચ્છ ઈ.એન.ટી. સર્જન એસોસિએશન અને ગેમ્સના સંયુકત ઉપક્રમે યોજાયેલી રાજયકક્ષાની આ ૪૫મી કોન્ફરન્સને ખુલ્લી મુકતા અદાણી હેલ્થ કેર ગ્રુપના હેડ ડો. પંકજ દોશીએ કહ્યું કે, અદાણી હેલ્થ કેર ગુણવતા સભર મેડિકલ શિક્ષણ પૂરું પાડવા કટિબધ્ધ છે અને આરોગ્યનું સુદ્રઢ માળખું ઊભું કરી સંશોધનના નવા આયામો સાથે મેડિકલ ક્ષેત્રે નવી દિશા આપશે. પ્રારંભમાં જી.કે.ના મેડિકલ ડાયરેક્ટર ડો.બાલાજી પિલ્લાઈએ આવકાર પ્રવચનમાં જણાવ્યું કે,આ સેમિનારથી સારવાર સેવા સુચારૂ તો બનશે જ સાથે તબીબો પણ નવી ટેકનોલોજીથી અવગત થશે.ડો.અજિત ખીલનાનીએ કોન્ફરન્સ અને કચ્છ એસોસીએસનની માહિતી આપી કરછને સેમીનારનું યજમાનપદ મળ્યું તે બદલ આનંદની લાગણી વ્યકત કરી હતી. આ પ્રસંગે મેડિકલ કોલેજના ડીન ડો. એ. એન. ઘોસ પણ ઉપસ્થિત રહ્યા હતા.

કાન, નાક અને ગળાના રાજય કક્ષાના પ્રમુખ અને જી.કે.જન.ના ચીફ મેડિ.સુપ્રિ.ડો.નરેન્દ્ર હિરણીના અધ્યક્ષ સ્થાને આયોજિત કચ્છની આ પ્રકારની પ્રથમ કોન્ફરન્સમાં સમગ્ર ગુજરાત અને કચ્છ તેમજ દેશના ૨૦૦ જેટલા તબીબો અને સર્જનો ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્ર કક્ષાના ઈ.એન. ટી. નિષ્ણાંત સર્જન અમદાવાદના ડો.રાજેશ વિશ્વકર્મા, પૂનેના ડો.વીરેન્દ્ર ઘાયસાસ,અમદાવાદના ડો.જયેશ પ્રજાપતિ અને લખનૌના ડો.રાકેશ શ્રીવાસ્તવે રોબોટિક જેવી મોર્ડન સર્જરી ઉપરાંત સારવાર સહિત અન્ય સર્જરીનું નિદર્શન કર્યું હતું.

કોન્ફરન્સમાં સાયનસ,થાઈરોઈડ,કાનના પડદાનું કાણું,નાકની પ્લાસ્ટિક સર્જરી, સ્વર પેટી ઉપર મસા વગેરેની સર્જરીની નવતર પદ્ધતિ સાથે પેનલ ચર્ચા, સમસ્યા,સંશોધન અને સમાધાન સાથે નવી ટેકનોલોજીનો ઉપયોગ વિગેરેનું તલસ્પર્શી જ્ઞાન અપાયું હતું. કચ્છના અગ્રણી ઈ.એન.ટી.સર્જન ડો.દિનેશ હરાણી ડો.રાજેશ ખત્રી,ડો.હાર્દિક દરાડ, ડો.સી.વી.લીંબાણી, ડો.નીરજ જોબનપુત્રા, ડો.ઋત્વિક અંજારિયા, ડો.રશ્મિ સોરઠીયા,ડો.દેવેન્દ્ર ઠક્કર, ડો.અંકુર ધનાણી, ડો. મોહનીશ ખત્રી, ડો.પાર્થ પોમલ, ડો.હેતલ જોશી, ડો.નીલ પરમાર, ડો.નિસર્ગ દેસાઈ, ડો.નિખિલ પાવાણી સહિત અનેક સર્જનો જોડાયા હતા. કાર્યક્રમને સફળ બનાવવા જી.કે.ના રેસિડેન્ટ તબીબો,વહીવટી શાખા તેમજ વોલીએન્ટરોનું યોગદાન રહ્યું હતું.

# સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીએ બ્રિટીશ યુનિવર્સિટી ઓફ વિયેટનામ સાથે એમઓયુ કર્યું

## આ સહયોગને પરિણામે વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઓનું આદાનપ્રદાન થઈ શકશે : બંને યુનિવર્સિટીઓ ભેગી મળીને સંશોધન અને સંયુક્ત તાલીમના પ્રોગ્રામો હાથ ધરશે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૩૧

વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીનું આદાનપ્રદાન કરવા, સાંસ્કૃતિક સહયોગ સાધવા અને સંયુક્તપણે સંશોધન હાથ ધરવા માટે ગાંધીનગરમાં આવેલી સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી (એસએસઆઈયુ) અને વિયેટનામમાં આવેલી બ્રિટીશ યુનિવર્સિટી ઑફ વિયેટનામ (બીયુવી)એ એક મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ (એમઓયુ) ઉપર હસ્તાક્ષર કર્યા છે. આ બંને યુનિવર્સિટીઓએ વિદ્યાર્થીઓના આદાનપ્રદાન, ફેકલ્ટીના આદાનપ્રદાન, સાંસ્કૃતિક સહયોગ, અભ્યાસની ટ્રિપ્સનું આયોજન કરવા, સહયોગાત્મક પ્રોજેક્ટ્સ અને સંશોધનકાર્યો તથા સંયુક્તપણે તાલીમ કાર્યક્રમો હાથ ધરવા અને વર્કશૉપ્સ તથા કૉન્ફરન્સ જેવા અન્ય સહયોગાત્મક કાર્યક્રમો યોજવા માટે હાથ મિલાવ્યાં છે.

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના ઈન્ટરનેશનલ કોલેબોરેશનના ડિરેક્ટર પ્રોફેસર વિજયકુમાર અને બ્રિટીશ યુનિવર્સિટી ઓફ વિયેટનામ (બીયુવી)ના ડેપ્યુટી વાઈસ ચાન્સેલર અને વાઈસ પ્રેસિડેન્ટ પ્રો. રિક બેનેટની વચ્ચે આ એમઓયુનું આદાનપ્રદાન થયું હતું. બીયુવી એ વિયેટનામમાં આવેલી પહેલી અને એકમાત્ર આંતરરાષ્ટ્રીય યુનિવર્સિટી છે, જેને યુનાઈટેડ કિંગડમમાં આવેલી ચાર ખ્યાતનામ યુનિવર્સિટીઓ - યુનિવર્સિટી ઑફ લંડન, સ્ટેફર્ડશાયર યુનિવર્સિટી, યુનિવર્સિટી ઑફ સ્ટર્લિંગ અને આર્ટ્સ યુનિવર્સિટી બોર્નમાઉથ દ્વારા ડિગ્રી આપવાની મંજૂરી આપવામાં આવી છે.

આ મામલે ટિપ્પણી કરતાં સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડેન્ટ આદિ જૈને જણાવ્યું હતું કે, 'આ એમઓયુ એ અમારી યુનિવર્સિટી માટે એક ગૌરવની ક્ષણ છે. સ્વર્ણિમમાં અમારો સતત પ્રયત્ન વિદ્યાર્થીઓમાં નવા આઈડિયાનું સંવર્ધન કરવાનો અને તેમને સંશોધન તથા નવીનીકરણ કરવા માટે અનુકૂળ માહોલ પૂરો પાડવાનો રહે છે. બીયુવી સાથે કરવામાં આવેલું આ એમઓયુ અમારા વિદ્યાર્થીઓની આંતરરાષ્ટ્રીય સ્તરે સંશોધન અને નવીનીકરણ હાથ ધરવાની સંભાવનાઓને વધારશે. આ પ્રકારના આદાનપ્રદાન વિદ્યાર્થીઓની વચ્ચે ક્રિયાપ્રતિક્રિયાઓ અને અર્થપૂર્ણ સહયોગ સાધવાને પ્રોત્સાહન આપવા એક પ્લેટફોર્મ પણ પૂરૂ પાડે છે.'

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# એક સાથે ચુંટણીનાં વિરોધમાં થતી દલીલો ખોખલી છે

કોંગ્રેસે એક દેશ-એક ચૂંટણી પર વિચાર વિમર્શ કરી રહેલી પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતાવાળી સમિતિને પત્ર લખીને જે કહ્યું કે સંસદીય પ્રણાલીમાં એક સાથે ચૂંટણી માટે કોઈ સ્થાન નથી, તે માત્ર વિરોધ ખાતર જ કરાયેલો વિરોધ છે, કારણ કે ૧૯૬૭ સુધી લોકસભા ચૂંટણીઓ સાથે જ વિધાનસભા ચૂંટણીઓ થતી હતી. શું કોંગ્રેસ એમ કહેવા માગે છે કે ત્યારે નેહરુ અને ઈન્દિરા ગાંધી દ્વારા લોકતંત્રને નુકસાન પહોંચાડવામાં આવતું હતું? બધા જાણે છે કે ૧૯૬૭ સુધી જ્યારે એક સાથે ચૂંટણી થઈ રહી હતી, ત્યારે તેનાથી કોઈને કશી સમસ્યા ન હતી અને બધું જ સુગમ રીતે થઈ રહ્યું હતું. કોંગ્રેસની સાથે આમ આદમી પાર્ટીએ પણ એક સાથે ચૂંટણીના વિચારનો વિરોધ કર્યો છે. તેનાથી એ જ ખબર પડે છે કે તે એ ભૂલી ગઈ છે કે તેણે કઈ રીતે નવા પ્રકારની રાજનીતિનો વાયદો કર્યો હતો. રાજકારણ અને લોકતંત્રના હિતની સાથે દેશના સમય અને સંસાધનોની બચતની દૃષ્ટિએ એ યોગ્ય છે કે એક સાથે ચૂંટણીઓ યોજવામાં આવે. એ ઠીક છે કે એના માટે બંધારણમાં થોડાં સંશોધન કરવાની જરૂર પડશે, પરંતુ એ કોઈ એવું કામ નથી કે જેને કરવાની સંપૂર્ણ મનાઈ હોય. આ સંશોધન આસાનીથી થઈ શકે છે. થવું તો એવું જોઈતુ હતું કે કોંગ્રેસ સહિત અન્ય અનેક પક્ષો આ વિશે પોતાના સાર્થક સૂચનો આપે કે એક સાથે ચૂંટણી કરાવવા માટે શું કરવું જોઈએ. એને બદલે તે એવું દર્શાવે છે, જાણે કે કોવિંદ સમિતિ કંઈક એવું કરવા જઈ રહી છે, જેને બંધારણ અનુમતિ ન આપતું હોય. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા કોવિંદ સમિતિને લખવામાં આવેલો પત્ર એ જ દર્શાવે છે કે કોંગ્રેસને સુધારની કોઈપણ પહેલનો સમજ્યા-વિચાર્યા વગર વિરોધ કરવાની આદત પડી ગઈ છે. આ આદત અંધ વિરોધની પરિચાયક છે. આ આદતને કારણે તે એવું માની બેઠી છે કે મોદી સરકાર કંઈક નવું કરી રહી છે તો ખોટું જ કરતી હશે! આ જ કારણે તેણે સંસદના નવા ભવનનો વિરોધ કર્યો, પછી તેના ઉદ્‌ઘાટન સમારોહનો પણ વિરોધ કર્યો! એ સિવાય કૃષિ કાયદાઓનો વિરોધ કર્યો, જ્યારે ખુદ તેણે પોતાના ચૂંટણી ઢંઢેરામાં એવા જ કાયદા બનાવવાનો વાયદો કર્યો હતો. આ જ રીતે તેણે એક સમયે નાગરિકતા સંશોધન કાયદામાં એવાં જ પરિવર્તન કરવાની માંગ કરી હતી, જેવાં કરવામાં આવ્યાં અને પછી તે તેનો વિરોધ કરવા લાગી. એક સાથે ચૂંટણીનો વિરોધ કરનારા બહુ આસાનીથી એની અવગણના કરે છે કે હજુ પણ ઓડિશા અને આંધ્રપ્રદેશ વિધાનસભા ચૂંટણીઓ લોકસભા ચૂંટણી સાથે જ થઈ રહી છે. આખરે જે કામ ઓડિશા અને આંધ્ર પ્રદેશમાં થઈ શકે છે તે આખા દેશમાં કેમ ન થઈ શકે? ઓડિશા અને આંધ્ર પ્રદેશનું ઉદાહરણ તો એ જ બતાવે છે કે એક સાથે ચૂંટણીના વિરોધમાં જે દલીલો કરવામાં આવી છે તે નિતાંત ખોખલી છે.

# ગાંધીનગર ગિફ્ટ સિટી ખાતે ફિલ્મ ફેર એવોર્ડ યોજાયો




(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૧

ગાંધીનગરમાં ગિફ્ટ સિટી ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ તથા પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરા સહિત અન્ય મહાનુભાવોની ખાસ ઉપસ્થિતિમાં ફિલ્મફેર એવોર્ડ-૨૦૨૪ યોજાયો હતો. આ એવોર્ડ સમારોહમાં ફિલ્મ જગતના જાણીતા કલાકારો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. બોલિવૂડ ફિલ્મ જગતના સૌથી પ્રતિષ્ઠિત અને લોકપ્રિય 'ફિલ્મફેર એવોર્ડ-૨૦૨૪' નું ગુજરાતની ગુણિયલ ભૂમિ ઉપર આયોજન થવું એ દરેક ગુજરાતીઓ માટે અતિ સમ્માન અને ગૌરવની બાબત છે. ગુજરાત રાજ્ય વિવિધ દૃષ્ટીવંત આયોજનો થકી નીતનવી કીર્તિઓ સ્થાપિત કરવા માટે સક્ષમ અને પ્રતિબદ્ધ છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

એવું સત્ય બોલવું જોઈએ જે હિત-મિત અને ગ્રાહ્ય થઈ શકે.

- પ્રશ્નવ્યાકરણ સૂત્ર

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.શહેરેવર-૧૩૯૩, મુ. રજ્જબ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, પોષ વદ-૫, તા.૩૧ જાન્યુઆરી ૨૦૨૪, બુધવાર, પારસી તા.૧૯, મુસ્લિમ તા.૧૯, હસ્ત નક્ષત્ર, સુકર્મા યોગ, ગર કરણ, સૂ.ઉ.૭:૩૩, સૂ.અ.૬:૩૬

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: નકારાત્મક વિચારોથી મન ભરાયેલું રહે. વ્યર્થ ઉદાસીનતા રહે.
વૃષભ: મનમાં મૂંઝવણ રહે. અપયશના ભોગ બનવું પડે.
મિથુન: ઈચ્છીત પરિસ્થિતિનું નિર્માણ થાય. સમસ્યાનો ઉકેલ મળે.
કર્ક: નવિન શુભ સમાચાર મળે. ચિંતાનું સમાધાન થાય.
સિંહ: રોકાયેલા નાણાં છૂટા થાય. નવિન આયોજનો પાર કરી શકશો.
કન્યા: આર્થિક લાભની તક મળે. તકનો લાભ ઉઠાવી શકશો.
તુલા: વડીલ વર્ગ સાથે સંઘર્ષ થાય. વાદ-વિવાદમાં ન પડવું હિતાવહ.
વૃશ્ચિક: મનમાં આનંદ રહે. પ્રતિકૂળ સમયમાંથી માર્ગ કાઢી શકશો.
ધન: મનમાં વ્યથા રહે. નાણાંભીડ અનુભવાય.
મકર: અંગત મૂંઝવણો દૂર થાય. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.
કુંભ: સફળતા માટે મહેનત વધારજો, મિત્ર વર્તુળથી લાભ રહે.
મીન: વિલંબમાં પડેલા કાર્યો પૂર્ણ થાય. સંતાનવર્ગથી લાભ થાય.

# રાજ્યમાં OBC કમિશનની સ્થાયીરૂપે રચના બાબતે થયેલી જાહેર હિતની અરજીની વધુ સુનાવણી તા. ૨૬ ફેબ્રુઆરીએ થશે

**કમિશનમાં નિમણૂંકો અંગેની ફાઈલ રાજ્યના મુખ્યમંત્રીના એપ્રુવલ માટે મોકલી અપાઈ હોવાની સરકારી વકીલની રજૂઆત બાદ કોર્ટે હુકમ કર્યો હતો કે, આ મુદ્દે વધુ સુનાવણી ૨૬ ફેબ્રુઆરીએ હાથ ધરાશે, ત્યાં સુધીમાં વધુ સભ્યોની નિમણુંક અંગે સરકારી અધિકારી કોર્ટમાં એફિડેવિટ ફાઈલ કરવાની રહેશે**

અમદાવાદ, તા.૩૧

રાજ્યમાં OBC કમિશનની સ્થાયીરૂપે રચનાનથી કરાઈ, કમિશન સુપ્રીમ કોર્ટના નિર્દેશો અને સેન્ટ્રલ OBC કમિશનની જેમ નથી, તે ફક્ત એક જ સભ્યનું કમિશન છે તેથી યોગ્ય રીતે OBC કમિશનની રચના કરવા માટે ગુજરાત હાઈકોર્ટમાં વિસનગરના ઉમિયા પરિવાર દ્વારા જાહેરહિતની અરજી દાખલ કરવામાં આવી હતી. જેની સુનાવણી ચીફ જસ્ટિસસુનિતા અગ્રવાલ અને જજ અનિરૂદ્ધ માયીની બેન્ચ સમક્ષ હાથ ધરાઈ હતી. આ કેસની સુનાવણી હવે આગામી તા.૨૬ ફેબ્રુઆરીના રોજ હાથ ધરવામાં આવશે. આ દરમ્યાન નિમણૂંક બાબતે એક એફિડેવિટ કરવા માટે હાઈકોર્ટ દ્વારા આદેશ કરાયો હતો. ઉમિયા પરિવાર દ્વારા જાહેર હિતની અરજીમાં રજૂઆત કરી હતી કે, રાજ્યમાં OBC કમિશનની સ્થાયીરૂપે રચના નથી કરાઈ, કમિશન સુપ્રીમ કોર્ટના નિર્દેશો અને સેન્ટ્રલ OBC કમિશનની જેમ નથી,તે ફક્ત એક જ સભ્યનું કમિશન છે. જેના ચેરમેન નિવૃત્ત હાઈકોર્ટ જજ છે. દર ૧૦ વર્ષે OBC જ્ઞાતિઓને લઈને સમીક્ષા કરવાની હોય તે પણ થતું નથી. અરજદારે કોર્ટને જણાવ્યું હતું કે, સરકારે આ માટે સમય માંગ્યો હતો. આ કમિશનમાં ચેર પર્સન સાથે અન્ય બે સભ્યો હોવા જોઈએ. કુલ ૩ સભ્યો કમિશનમાં હોવા જરૂરી છે એટલે કે બે સભ્યોની નિમણૂંક કરવાની છે. જે મુદ્દે સરકારી વકીલે જણાવ્યું હતું કે, આ અંગેની ફાઈલ રાજ્યના મુખ્યમંત્રીના એપ્રુવલ માટે મોકલી અપાઈ છે. કોર્ટે હુકમ કર્યો હતો કે, આ મુદ્દે વધુ સુનાવણી ૨૬ ફેબ્રુઆરીએ હાથ ધરાશે ત્યાં સુધીમાં વધુ સભ્યોની નિમણૂંક અંગે સરકારી અધિકારી કોર્ટમાં એફિડેવિટ ફાઈલ કરવાની રહેશે. અગાઉ આ કેસમાં કોર્ટમાં રજૂઆતો થઈ હતી કે, આ કમિશનની રચના લેજિસ્લેટિવ બોડી દ્વારા થવી જોઈએ નહીં કે એક્ઝિક્યુટિવ બોડી દ્વારા. તેના ચોક્કસ નિયમો અને નીતિઓ હોવા જોઈએ જે નથી. સુપ્રીમ કોર્ટ દ્વારા ઈન્દિરા સહાનીના કેસમાં કેન્દ્રમાં અને દરેક રાજ્યમાં સ્થાયી OBC કમિશનની રચનાના નિર્દેશ આપ્યા છે પરંતુ ગુજરાતમાં કામચલાઉ રીતે કમિશન રચવામાં આવ્યું છે. OBC કમિશને અન્ય પછાત જાતિઓને ઓળખી તેની પરખ કરીને સ્ટેટ OBC લિસ્ટમાં સમાવેશ કરવાનો હોય. તેની સત્તા હાઈકોર્ટ જેટલી હોય છે. અગાઉ કોર્ટે સરકારને પૂછ્યું હતું કે, કમિશનમાં સુપ્રીમ કોર્ટના નિર્દેશ અનુસાર કેમ કોઈ તજજ્ઞને રખાયા નથી ? બોડીનો અર્થ ફક્ત એક વ્યક્તિ હોઈ શકે નહીં. બોડીનું કાર્ય સમયાંતરે OBC જ્ઞાતિઓની સમીક્ષા કરવાનો છે. ફક્ત કમિશન પાસે આવતી ફરિયાદો જોવાનું નથી. અરજદારે જણાવ્યું હતું કે, અન્ય પછાત જ્ઞાતિઓ માટે જ્યારે નીતિઓ બનાવવાની હોય ત્યારે સરકારે કમિશનનો સંપર્ક કરવો પડે. OBC કમિશનનું કાર્ય ભલામણો કરવાનું છે. કોર્ટે રાજ્ય સરકારને આ બોડી કેવી રીતે કાર્ય કરે છે તેનો જવાબ માંગ્યો હતો.

# UAE ગોલ્ડન વિઝા : દુબઈ પ્રોપર્ટી રોકાણકારો માટે ન્યૂનતમ ડાઉન પેમેન્ટ રદ કર્યું

(એજન્સી) તા.૩૧

એક મહત્ત્વપૂર્ણ નીતિગત ફેરફારમાં દુબઈએ રિયલ એસ્ટેટ રોકાણ દ્વારા ગોલ્ડન વિઝા મેળવવા માંગતા વ્યક્તિઓ માટે ૧૦ લાખ દિરહામ એટલે કે (રૂા.૨,૨૬,૩૧,૩૨૭)ની લઘુત્તમ ડાઉન પેમેન્ટ રદ કર્યું છે. ગોલ્ડન વિઝા માટે લાયક બનવા માટે રોકાણકારોએ હવે ૨૦ લાખ દિરહામ (રૂા.૪,૫૨,૫૪,૦૫૦) કે તેથી વધુની મિલકત હસ્તગત કરવી પડશે. આ પગલાને વ્યૂહાત્મક નિર્ણય તરીકે જોવામાં આવે છે, જે રોકાણકારોની વિશાળ શ્રેણીને ગોલ્ડન વિઝા મેળવવા માટે સક્ષમ બનાવે છે, આમ રિયલ એસ્ટેટ માર્કેટને પુર્નઃજીવીત કરશે. અગાઉ, ગોલ્ડન વિઝા માટે ક્વોલિફાય થવા માટે મોર્ટગેજ અથવા હપ્તા પ્લાન દ્વારા ખરીદવામાં આવેલી મિલકતો માટે ન્યૂનતમ ડાઉન પેમેન્ટ જરૂરી હતું. LinkedIn ઉપર લેતાં bnbme હોલિડે હોમ્સના CEO વિનાયક મહતાનીએ લખ્યું, UAE તરફથી રોમાંચક સમાચાર ! ગોલ્ડન વિઝા માટે મિનિમમ પ્રોપર્ટી રોકાણની જરૂરિયાતને દૂર કરવાથી રોકાણકારો માટે નવી શક્યતાઓ ખુલે છે. મહતાનીએ અરેબિયન ગલ્ફ બિઝનેસ ઈનસાઈટ (AGBI)ને જણાવ્યું હતું કે, હવેથી ૨૦ લાખ દિરહામની કિંમતની પ્રોપર્ટી ગોલ્ડન વિઝા મેળવી શકે છે પછી ભલે તે ઓફ-પ્લાન હોય, પૂર્ણ હોય, ગીરો હોય કે ન હોય.




**UAEના ગોલ્ડન વિઝા :-**

ગોલ્ડન વિઝા યુએઈ સરકાર દ્વારા ૨૦૧૯માં રજૂ કરવામાં આવ્યા હતા, જે વિદેશીઓને રાષ્ટ્રીય પ્રાયોજકની જરૂરિયાત વિના અને યુએઈની મુખ્ય ભૂમિ ઉપર તેમના વ્યવસાયની ૧૦૦ ટકા માલિકી સાથે દેશમાં રહેવા, કામ કરવા અને અભ્યાસ કરવાની મંજૂરી આપે છે. આ વિઝા પાંચ કે ૧૦ વર્ષ માટે જારી કરવામાં આવે છે અને તે આપમેળે રિન્યૂ થયા કરે છે. વિઝા રોકાણકારો, ઉદ્યોગ સાહસિકો, અસાધારણ પ્રતિભાઓ અને ટેક્નોલોજી અને જ્ઞાનની ઘણી શાખાઓમાં સંશોધકો તેમજ અસાધારણ વિદ્યાર્થીઓ માટે ખુલ્લો છે.

# રાજકોટની સિવિલ હોસ્પિટલની મહિલા કર્મચારીએ અધિક્ષકની ચેમ્બરમાં રીલ બનાવતા તપાસના આદેશ

ગાંધીનગર, તા.૩૧

રાજકોટ સિવિલ હોસ્પિટલ વારંવાર વિવાદોમાં આવતી હોય છે, ત્યારે ફરી એકવાર મહિલા કર્મચારીએ બનાવેલી રીલના કારણે સિવિલ હોસ્પિટલ ચર્ચામાં આવી છે. એમાં સિવિલમાં ફરજ બજાવતા નેશનલ હેલ્થ મિશન (NIIA)ના મહિલા કર્મચારીએ તબીબી અધિક્ષકની ચેમ્બરમાં એક નહીં, ૪-૪ રીલ બનાવી પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં મૂકતાં સિવિલ સર્જન ડો.ત્રિવેદીએ આ બાબતે તપાસના આદેશ આપ્યા છે. તો બીજી તરફ રીલ બનાવનારી મહિલાએ પોતાનો બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે, ઈન્સ્ટાગ્રામમાં જે એકાઉન્ટ છે એ મારૂં પર્સનલ છે. પ્રાપ્ત માહિતી અનુસાર, નેશનલ હેલ્થ મિશન ગાંધીનગર દ્વારા રાજકોટની સિવિલમાં આસિસ્ટન્ટ હોસ્પિટલ એડમિનિસ્ટ્રેટર તરીકે ૮ વર્ષ પૂર્વે મહિલાને નિમણૂક કરવામાં આવી હતી. આ મહિલા કર્મચારી ડો.ત્રિવેદીની ચેમ્બરમાં બેસીને ગાંધીનગરથી આવતા તમામ રિપોર્ટ અહેવાલ સહિત ઓફિસનું વહીવટી કામકાજ સંભાળે છે, પરંતુ તેમણે તબીબી અધિક્ષકની ચેમ્બરમાં રીલ બનાવી પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટમાં મૂકતાં ચર્ચાનો વિષય બન્યો છે. રાજ્ય સરકારે આમ તો પોલીસ સહિત તમામ સરકારી કર્મચારીઓને સરકારી વાહન, ડ્રેસકોડમાં રીલ બનાવવા ઉપર મનાઈ ફરમાવતો પરિપત્ર કરેલો છે. આ પરિપત્ર આરોગ્ય કર્મચારીઓને પણ લાગુ પડે છે છતાં મહિલા કર્મચારીએ સરકારી કચેરીનો ઉપયોગ કરી હિન્દી ફિલ્મી ગીતના સૂર છેડ્યા છે. તબીબી અધિક્ષકની ચેમ્બરમાં રાખવામાં આવેલા સર્ટિફિકેટ, ટીવી સહિતની સરકારી ચીજવસ્તુ આ રીલમાં દશ્યમાન થાય છે. સમગ્ર મામલે સિવિલ અધિક્ષક ડો.ત્રિવેદીએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, સરકારી કચેરીમાં ઓફિસ સમયે કોઈ કર્મચારી પોતાનું અંગત કામ કરી ન શકે. જો કે, મહિલા કર્મચારીના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટમાં સરકારી ચેમ્બરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેની સામે તપાસ કરી કાર્યવાહી કરવામાં આવશે. કચેરીના સમયમાં સરકારી કામગીરી જ થવી જોઈએ. તો બીજી તરફ મહિલાકર્મીએ આ મુદ્દે પોતાના બચાવ કરતાં જણાવ્યું હતું કે, ઈન્સ્ટાગ્રામમાં જે એકાઉન્ટ છે એ મારૂં પર્સનલ છે. સરકારી કચેરીના કામકાજ દરમ્યાન મેં રીલ બનાવી નથી.

# પતિ હનીમૂન માટે ગોવાને બદલે અયોધ્યા લઈ જવા બદલ પત્નીએ છૂટાછેડા માંગ્યા

ભોપાલ, તા.૩૧

મધ્યપ્રદેશની એક મહિલાએ તેમના લગ્નના પાંચ મહિના પછી જ તેના પતિ પાસેથી છૂટાછેડા માંગ્યા કારણ કે, તેણે તેને ગોવામાં હનીમૂનનું વચન આપ્યું હતું પરંતુ તેના બદલે તેને અયોધ્યા અને વારાણસી લઈ ગયો. અહેવાલ મુજબ દંપતી તેમની સફરમાંથી પરત ફર્યાના ૧૦ દિવસ પછી ૧૯ જાન્યુઆરીએ અસામાન્ય કેસ ભોપાલ ફેમિલી કોર્ટમાં પહોંચ્યો હતો. છૂટાછેડાની અરજીમાં મહિલાએ કહ્યું કે, તેનો પતિ આઈ.ટી. સેક્ટરમાં કામ કરે છે અને તેને સારો પગાર મળે છે. તે પણ એક વર્કિંગ વુમન છે અને સારી કમાણી કરે છે, જેનો અર્થ છે કે, હનીમૂન માટે વિદેશ જવું તેમના માટે મોટી વાત ન હતી. કોઈ આર્થિક સંકડામણ ન હોવા છતાં મહિલાના પતિએ તેને વિદેશ લઈ જવાની ના પાડી અને ભારતમાં જ કોઈ સ્થળની મુલાકાત લેવાનો આગ્રહ કર્યો. તેણે દાવો કર્યો હતો કે, તેણે તેના માતા-પિતાની સંભાળ રાખવાની હતી, જેના પગલે દંપતી તેમના હનીમૂન માટે ગોવા અથવા દક્ષિણ ભારતની મુલાકાત લેવા સંમત થયા હતા. જો કે, બાદમાં તેણે પત્નીને કહ્યા વગર અયોધ્યા અને વારાણસીની ફ્લાઈટ બૂક કરાવી હતી. તેણે તેણીને પ્રવાસના એક દિવસ પહેલા જ બદલાયેલી મુસાફરીની યોજનાની જાણ કરી અને કહ્યું કે, તેઓ અયોધ્યા જઈ રહ્યા છે કારણ કે, તેની માતા રામ મંદિરના અભિષેક સમારોહ પહેલા શહેરની મુલાકાત લેવા માંગતી હતી. તેણીએ તે સમયે ટ્રિપ સામે વાંધો ઉઠાવ્યો ન હતો અને કોઈપણ દલીલ વિના યોજના સાથે આગળ વધી હતી. જો કે, તીર્થસ્થાનોથી પાછા ફરતાની સાથે જ તેણીએ તેના પતિ પાસેથી છૂટાછેડા મેળવવા માટે ફેમિલી કોર્ટનો સંપર્ક કર્યો તેણીના નિવેદનમાં તેણે એવો પણ દાવો કર્યો હતો કે, તેના પતિ તેના કરતા તેના પરિવારના સભ્યોની વધુ કાળજી લે છે. દરમ્યાન તેના પતિએ કહ્યું કે, તેની પત્ની માત્ર હંગામો મચાવી રહી છે. આ દંપતી હાલમાં ભોપાલ ફેમિલી કોર્ટમાં કાઉન્સેલિંગ મેળવી રહ્યું છે.

# GTU અને બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ વચ્ચે MOU કરવામાં આવ્યા

અમદાવાદ, તા.૩૧

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી અને બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ વચ્ચે મહત્વનો MOU કરવામાં આવ્યા છે. જેમાં વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવા માટે તકનીકી સમિતિઓની રચના કરવા, માનકીકરણ સંબંધિત પ્રોજેક્ટ સહિતના મુદ્દે બંને સાથે મળીને કામ કરશે. આ અંગે બંને સંસ્થાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી અને બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ વચ્ચે અગત્યના લોક ઉપયોગી થાય તેવા કાર્યો હાથ ધરવા માટે તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા. આ સહયોગના ઉદ્દેશ્યથી, વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવા માટે તકનિકી સમિતિઓની રચના કરવા, માનકીકરણ સંબંધિત આર.એન્ડ ડી.પ્રોજેક્ટ માટે માળખાકીય સુવિધાઓ હાથ ધરવા અને વિકસાવવા તથા સંયુક્ત રીતે પરિષદ, પરિસંવાદ, વર્કશોપ અને સિમ્પોઝિયા વગેરેનું આયોજન કરવાના રચનાત્મક ઉદ્દેશથી કરાયેલા એમ.ઓ.યુ. પ્રસંગે યોજાયેલા સમારોહમાં કુલપતિ ડો.રાજુલ ગજ્જર, બી.આઈ.એસ.પશ્ચિમ વિભાગના ડેપ્યુટી ડાયરેકટર જનરલ સંજય ગોસ્વામી, પ્રાદેશિક નિયામક સુમિત સેંગર, કુલસચિવ ડો.કે.એન.ખેર, જી.એસ.ઈ.ટી.ના ડાયરેકટર ડો. એસ.ડી. પંચાલ, આર.ડી.સી.ના ડાયરેકટર ડો.આર.એ.ઠક્કરની ઉપસ્થિતિ રહ્યા હતા. પ્રારંભમાં કુલસચિવ ડોકટર ખેરે સૌનું સ્વાગત કર્યું હતું. સંજય ગોસ્વામીએ બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ સંસ્થા માપદંડોની સર્જક સંસ્થા છે એમ જણાવીને તેની યશગાથા વર્ણવી તેની વિશ્વસનીયતા ધોરણની વિગતો આપી હતી. કુલપતિ ડો.રાજુલ ગજજરે સિવિલ એન્જિનિયરિંગ ડોમેનના ઉદાહરણ આપીને ટેકનોલોજી અને ઉદ્યોગના સતત વિકસતા લેન્ડસ્કેપમાં સતત અનુકૂલન સાધીને વિકસવાનો અનુરોધ બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડને કર્યો હતો. અંતમા આભાર વિધિ ડો.એસ.ડી.પંચાલ દ્વારા કરવામાં આવી હતી. આ સફળ કાર્યક્રમનું આયોજન ડોકટર જીગ્નેશ અમિન અને શ્રી સંદીપ ચાવડા દ્વારા સુપેરે કરવામાં આવ્યું હતું.

# ખંભાળિયાના અગ્રણી યુવા વેપારી ટેબલ ટેનિસ પ્રતિયોગિતામાં પ્રથમ ક્રમે



(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૧

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખેલ મહાકુંભના આયોજનમાં જિલ્લા કક્ષાની ટેબલ ટેનિસ પ્રતિયોગિતા તારીખ ૨૭ મીના રોજ યોજવામાં આવી હતી. દ્વારકા ખાતે યોજવામાં આવેલી આ સ્પર્ધામાં ૪૦ વર્ષથી ઉપરના વય જૂથમાં ટેબલ ટેનીસ સિંગલમાં પ્રથમ ક્રમે ખંભાળિયાના અગ્રણી વેપારી દિપેનભાઈ ગોકાણીએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો અને ટેબલ ટેનિસ ડબલ ઓપન વયજૂથમાં પ્રથમ ક્રમે અહીંના ડો. કલ્પેશ કુંડલીયા તથા મિહિરભાઈ બારોટ રહ્યા હતા. આ સ્પર્ધામાં ઓપન વયજૂથ ટેબલ ટેનિસ સિંગલમાં પણ ડો. કલ્પેશ કુંડલીયાએ દ્વિતીય ક્રમ હાંસલ કર્યો હતો.

# રાત્રે ઠંડી અને દિવસે ગરમી : ભાણવડમાં એક જ દિવસમાં છ સાપના રેસ્ક્યુ કરાયા





(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૩૧

સામાન્ય રીતે સાપ ઠંડા લોહીનો જીવ છે. માટે શિયાળાની ઋતુમાં શિત-સમાધિમાં હોવાથી તે બહાર દેખાતા નથી. પરંતુ ઋતુ પરિવર્તનની અસર વર્તાતી હોય, તેમ રાત્રે ઠંડી અને દિવસે ગરમીના કારણે ગઈકાલે માત્ર એક જ દિવસમાં ભાણવડના જુદા-જુદા વિસ્તારમાંથી અશોકભાઈ ભટ્ટ દ્વારા છ સાપ રેસ્ક્યુ કરી તેના પ્રાકૃતિક આવાસમાં મુક્ત કરાયા હતા. રેસ્ક્યુ અંગેની વિગતમાં આહીર સમાજ પાસેથી કાળોતરો, ખરાવાડ અને હરસિદ્ધિ નગરમાંથી ટ્રીનકેટ, ગ્રીન પાર્ક માંથી કોબ્રા,તેમજ રણજીત પરા વિસ્તારમાંથી જળ સાપ અને કોબ્રાનું રેસ્ક્યુ કરાયું હતું.

# કેનેડાએ શા માટે વિદેશી વિદ્યાર્થીઓ ઉપર અંકુશ લગાવ્યા અને તેની ભારતીયો ઉપર કેવી અસર પડી છે ?

## ઓછા વિઝા આપવાનો અર્થ એવો થશે કે ઓછા ભારતીય વિદ્યાર્થીઓ કોલેજની ડિગ્રી માટે કેનેડામાં જઈ શકશે

(એજન્સી) તા.૩૧

કેનેડાની ફેડરલ સરકારે કહ્યું છે કે, તે આગામી શૈક્ષણિક સત્રથી શરૂ થતા બે વર્ષના સમયગાળા માટે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી વિઝાની સંખ્યાને મર્યાદિત કરી રહી છે. કેનેડા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી વિઝાની સંખ્યામાં કેટલો ઘટાડો કરી રહ્યું છે ? કેનેડાના ઈમિગ્રેશન, રેફ્યુજીસ અને સિટીઝનશિપ મિનિસ્ટર માર્ક મિલરે સોમવારે જાહેરાત કરી હતી કે,૧ સપ્ટેમ્બર ૨૦૨૪થી શરૂ થતા શૈક્ષણિક સત્ર માટે નવી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી પરમિટની સંખ્યામાં ૨૦૨૩ની સંખ્યા કરતા ૩૫%નો ઘટાડો કરવામાં આવશે. મિલરે તેના સત્તાવાર X (Twitter) હેન્ડલ ઉપર પોસ્ટ કરેલા થ્રેડમાં જણાવ્યું હતું કે, "આ વર્ષે અંદાજે ૩,૬૦,૦૦૦ મંજૂર અભ્યાસ પરમિટ મળવાની અપેક્ષા છે અને પ્રાંતો અને પ્રદેશોને તેમના DLIs વચ્ચે વિતરણ કરવા માટે ફાળવવામાં આવશે. પ્રાંતોએ તેઓ જે વિદ્યાર્થીઓ સ્વીકારે છે તેમના માટે પ્રમાણિતતાના પત્રો જારી કરવા જ જોઈએ અને જેમ કે, ૩૧મી માર્ચ સુધી અભ્યાસ પરમિટની અરજીઓનો વર્તમાન ઈનટેક થોભાવવામાં આવશે કારણ કે પ્રાંતો તેમની સિસ્ટમ્સ લાગુ કરશે." મિલરે જણાવ્યું હતું કે, ૨૦૨૫ માટે અભ્યાસ પરમિટની સંખ્યા નક્કી કરવા માટે આ વર્ષના અંતમાં પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવામાં આવશે. પરમિટ પરની મર્યાદા કાયમી નથી. મિલરે જેમણે સંસદની આગામી બેઠક પહેલા શાસક લિબરલ પાર્ટીના મંત્રીઓ માટે મોન્ટ્રીયલમાં ત્રણ દિવસીય એકાંતમાં વાત કરી હતી તેમણે પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ પ્રોગ્રામ (PGWP)માં ફેરફારોની પણ જાહેરાત કરી હતી જે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને તેમનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી કેનેડામાં કામ કરવાની મંજૂરી આપે છે. મિલરે જણાવ્યું હતું કે, "સપ્ટેમ્બર ૨૦૨૪થી શરૂ કરીને અમે અભ્યાસક્રમ લાયસન્સિંગ વ્યવસ્થા હેઠળ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને હવે PGWPs જારી કરીશું નહીં. (એટલે કે, જાહેર-ખાનગી સંસ્થાના મોડલ) ઉપરાંત આવતા અઠવાડિયામાં અમે માસ્ટર્સ અને ડોક્ટરલ પ્રોગ્રામ્સ સિવાય આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના જીવનસાથીઓને વર્ક પરમિટ આપીશું નહીં. અમે આ દિશામાં કામ કરીશું. મેડિકલ અને કાયદા જેવા વ્યાવસાયિક કાર્યક્રમોને અનુસરતા લોકોને આમાંથી મુક્તિ આપી છે." આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના ધસારાને રોકવા માટે કેનેડાએ આ પગલાં શા માટે લીધા છે ? કેનેડિયન મીડિયાએ મિલરને ટાંકીને મંત્રીએ ઠ પર જણાવ્યું હતું કે, "આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના પ્રવેશને મર્યાદિત કરવાની જરૂર છે જેથી કેનેડામાં અસ્થાયી નિવાસનું ટકાઉ સ્તર જાળવી શકાય. કેનેડાની એ ખાતરી કરવાની જવાબદારી છે કે, આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ દેશમાં તેમને સફળ થવા માટે જરૂરી સંસાધનોની એક્સેસ હોય." ગયા મહિને કેનેડિયન સરકારે કહ્યું હતું કે, ૨૦૨૪થી આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓએ બતાવવું પડશે કે તેમની પાસે $20,000 કરતાં વધુ છે. હાલની ભંડોળની જરૂરિયાત કરતાં બમણી- અભ્યાસ પરમિટ મેળવવા માટે ટ્યુશન ફી ઉપરાંત અગાઉ ઈમિગ્રેશન મિનિસ્ટર રહી ચૂકેલા સીન ફ્રેઝરે કેનેડિયન મીડિયાને જણાવ્યું હતું કે, મિલર દ્વારા જાહેર કરાયેલા નિર્ણયો માટે વિદ્યાર્થીઓનું પ્રમાણ ચોક્કસ સમુદાયો જે સંભાળી શકે તે કરતાં વધી ગયું છે. મિલરે X ઉપર જણાવ્યું હતું કે, ઉપરાંત અનૈતિક અભિનેતાઓ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓનો લાભ લઈ રહ્યા હતા તેમને દુરૂપયોગ અને શોષણ માટે સંવેદનશીલ બનાવતા હતા. નવા પગલાં સિસ્ટમ અખંડિતતા અને ટકાઉ વૃદ્ધિની ખાતરી કરશે."h PGWP પ્રોગ્રામમાંથી જાહેર-ખાનગી સંસ્થાઓને બાકાત રાખવાના નિર્ણય ઉપર મંત્રીએ કહ્યું કે, "આ કાર્યક્રમો દેખરેખના અભાવ માટે કુખ્યાત છે અને ગુણવત્તાયુક્ત શૈક્ષણિક અનુભવ પ્રદાન કરતા નથી જેના માટે કેનેડા પ્રખ્યાત છે." મોન્ટ્રીયલ યુથ સ્ટુડન્ટ્સ ઓર્ગેનાઈઝેશનના કન્વિનર મનદીપે ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું: "કેનેડામાં હાલમાં હાઉસિંગ કટોકટી છે. ભાડા અને રહેવાની કિંમતમાં ઘણો વધારો થયો છે જ્યારે નોકરીઓ એટલી વિપુલ પ્રમાણમાં નથી. ઉપરાંત કેટલાક વિદ્યાર્થીઓએ ફરિયાદ કરી છે કે, ખાનગી સંસ્થાઓ ઊંચી ટ્યુશન ફી વસૂલતી હતી અને નબળી ગુણવત્તાયુક્ત શિક્ષણ ઓફર કરતી હતી." નિર્ણયોથી કોને ખાસ



અસર થશે ? શું ભારતીયો માટે અસરો થશે ? વિદ્યાર્થી પરમિટ ઉપર બે વર્ષની મર્યાદા માત્ર અંડરગ્રેજ્યુએટ અભ્યાસક્રમો માટે છે. માસ્ટર્સ અને પીએચડી પ્રોગ્રામ્સ તેમજ પ્રાથમિક અને માધ્યમિક શાળા-સ્તરના અભ્યાસક્રમોને મુક્તિ આપવામાં આવી છે.આ નિયંત્રણો ફક્ત નવા અરજદારોને જ લાગુ થશે જેઓ પહેલાથી જ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ છે કેનેડામાં અભ્યાસ પછી ભલે તે અંડર ગ્રેજ્યુએટ હોય કે અન્ય કોઈપણ અભ્યાસક્રમોમાં, અસર થતી નથી. વિઝા કેપ ભારતીય વિદ્યાર્થીઓને અસર કરશે. ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC)ના ડેટા અનુસાર એશિયાના અરજદારોને સૌથી વધુ સંખ્યામાં સ્ટુડન્ટ વિઝા આપવામાં આવે છે અને ચીનને બાદ કરતા ભારત આ યાદીમાં ટોચ ઉપર છે. પંજાબના વિદ્યાર્થીઓ માટે કેનેડા એક પ્રિય સ્થળ છે. મોટે ભાગે વિદ્યાર્થીઓ તેમના જીવનસાથી દ્વારા તેમના અભ્યાસની શરૂઆતના મહિનાઓમાં અથવા અસ્થાયી નોકરી મેળવવાના મહિનાની અંદર જીવનસાથી વિઝા ઉપર જોડાય છે. નવા નિયમો હેઠળ, જીવનસાથીઓને ઓપન વર્ક પરમિટ માત્ર ત્યારે જ આપવામાં આવશે જો તેઓ પોસ્ટ ગ્રેજ્યુએટ અથવા ડોક્ટરલ પ્રોગ્રામમાં નોંધાયેલા હોય. આઈઆરસીસીના ડેટા અનુસાર આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની વસ્તી ૨૦૧૪માં આશરે ૩.૨૬ લાખથી વધીને ૨૦૨૨માં ૮ લાખથી વધુ થઈ ગઈ હતી. ગયા અઠવાડિયે ધ ગ્લોબ અને મેલે અહેવાલ આપ્યો હતો કે ડિસેમ્બર ૨૦૨૩ના અંતમાં અભ્યાસ પરમિટ ધારકોની સંખ્યા વધીને એક મિલિયન ૧૦,૨૮,૮૫૦, અહેવાલમાં ટાંકવામાં આવેલા IRCC ડેટા અનુસાર તેમાંથી અડધાથી વધુ ઓન્ટારિયોમાં રહે છે. વર્ક પરમિટ ધારકોની સંખ્યા ૧.૪ મિલિયન હોવાનો અંદાજ હતો.

# હાઈવે ઉપરથી તમામ ટોલબૂથ હટાવી વાહનોમાં ખાસ ડિવાઈઝ લગાવી ટોલ વસૂલ કરવામાં આવશે

## કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરાયેલ પ્રોજેક્ટ માટે ગુજરાતમાં કરાયો પ્રયોગ !

ગાંધીનગર, તા.૩૧

દેશના હાઈવે ઉપરથી આગામી સમયમાં તમામ ટોલબૂથ હટાવી દેવામાં આવશે. જો કે, તેમ છતાં પણ ટોલટેક્સમાંથી મુક્તિ નહીં મળે, એ તો આપવો જ પડશે. કેન્દ્ર સરકાર સેટેલાઈટ આધારિત ઈ-ટોલિંગ સિસ્ટમ લાગુ કરવા જઈ રહી છે, એટલે કે સેટેલાઈટથી વાહનોને ટ્રેક કરવામાં આવશે. હાઈવે ઉપર જેટલા કિલોમીટર વાહન ચલાવશો એટલો ટોલટેક્સ ચૂકવવો પડશે. આમ તો છેલ્લાં બે-ત્રણ વર્ષથી આ વાત ચર્ચાઈ રહી છે, આ નવી ટોલ પદ્ધતિ માટે થોડા દિવસ પૂર્વે જ ગુજરાત સહિત અન્ય વિસ્તારમાં પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૨ માર્ચ, ૨૦૨૨ના રોજ કેન્દ્રીય પરિવહનમંત્રી નીતિન ગડકરીએ લોકસભામાં કહ્યું હતું, હું હવે GPS લાવવા માગું છે, જેથી હાઈવે ઉપર ટોલબૂથ જ નહીં રહે છતાં ટોલટેક્સની વસૂલાત કરી શકાશે. નવી કારમાં GPS ફરજિયાત છે. એટલે GPSથી રેકોર્ડ થશે કે કોઈ વાહનચાલકે હાઈવે ઉપર ક્યાંથી પ્રવેશ કર્યો અને ક્યાંથી હાઈવે છોડીને અન્ય રસ્તા ઉપર જાય છે. આ અંતરનો હિસાબ કરીને વાહનમાલિકના બેંક એકાઉન્ટમાંથી ટોલટેક્સની રકમ કપાઈ જશે. પોણાબે વર્ષ અગાઉ નીતિન ગડકરીએ જ્યારે સેટેલાઈટ આધારિત ઈ-ટોલિંગ સિસ્ટમની વાત કરી તો તેમણે GPSનો ઉલ્લેખ કર્યો હતો. GPS એટલે ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ, પરંતુ હવે ગુજરાતમાં ઈ-ટોલ માટે જે પ્રયોગ હાથ ધરવામાં આવ્યો એમાં GPS નહીં, પણ NavICનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાની વિગતો બહાર આવી છે.

GPS અમેરિકાની ટેક્નોલોજી છે. સંપૂર્ણ રીતે એનું સંચાલન ૧૯૯૩ની સાલથી શરૂ થયું, એટલે ૩૦ વર્ષ કરતાં વધુ સમય થઈ ચૂક્યો છે. ભારત પણ અમેરિકાની આ ટેક્નોલોજીનો વર્ષોથી ઉપયોગ કરે છે. હાલમાં ભારત પાસે નેવિગેશન વિથ ઈન્ડિયન કોન્સ્ટલેશન (NavIC) છે. અવકાશમાં મોકલેલા ૭ સેટેલાઈટ મારફત માત્ર ભારત જ નહીં, આસપાસના ૧૫૦૦ કિલોમીટરના વિસ્તાર ઉપર પણ નજર રાખી શકાય છે. હવે આ જ ટેકનોલોજીથી વાહનો પાસેથી અત્યાધુનિક રીતે ટોલટેક્સ વસૂલી શકાય કે નહીં, એ અંગે ભારત સરકારે પ્રયોગ હાથ ધર્યા છે, જેની શરૂઆત ગુજરાતથી જ કરવામાં આવી છે. સ્પેસ એપ્લિકેશન સેન્ટર (SAC) દ્વારા હાથ ધરવામાં આવેલા આ પ્રોજેક્ટ માટે અમદાવાદના ઈસ્કોન ચાર રસ્તાથી અડાલજ સુધીનો રસ્તો પસંદ કરવામાં આવ્યો હતો. સૌ પ્રથમ ઈસ્કોન ચાર રસ્તાથી અડાલજ સુધીના ૧૯ કિલોમીટરના રૂટ ઉપર અને ત્યાંથી ફરી અડાલજથી ઈસ્કોન ચાર રસ્તા સુધી બીજા ૧૯ કિલોમીટર એમ કુલ ૩૮ કિલોમીટર સુધી ખાસ ઈક્વિપમેન્ટ લાગેલી કાર દોડાવવામાં આવી હતી, જેથી આ અંતરનું મેપિંગ કરી શકાય.

સ્પેસ એપ્લિકેશન સેન્ટરના ડાયરેક્ટર નિલેશ દેસાઈએ જણાવ્યું હતું કે દોઢ મહિના પૂર્વે આ પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો. આ પ્રયોગ અમદાવાદ અને ગાંધીનગર વચ્ચે પાઈલટ પ્રોજેક્ટ હેઠળ હાથ ધરવામાં આવ્યો હતો. આ પ્રયોગ કર્યા બાદ એનાં પરિણામો મળ્યાં છે અને તે ડેટા ઉપર હાલ વિશ્લેષણ કરવાનું કામ ચાલી રહ્યું છે. નેવિગેશન વિથ ઈન્ડિયન કોન્સ્ટલેશન (નાવિક), જે સ્પેસ એપ્લિકેશન સેન્ટરની GPS (ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ) કહી શકાય. આ સિસ્ટમના માધ્યમથી ઈનોવા કારમાં GPS રિસીવર લગાવીને હાઈવે ઉપર ચલાવવામાં આવી હતી. જેવી કાર આગળ વધવાની શરૂઆત થઈ કે એને MAP (ઓનલાઈન નકશા) સાથે કો-રિલેટ કરવામાં આવી હતી, જે માહિતી મેળવવામાં આવી એને સર્વરમાં મૂકવામાં આવી અને બાદમાં અંતર માપવામાં આવ્યું હતું. એમ સેક ડાયરેક્ટરે જણાવ્યું હતું. નિલેશ દેસાઈ વધુમાં જણાવે છે, NavIC સિસ્ટમની મદદથી જે અંતર માપવામાં આવ્યું અને પરિણામ મેળવવામાં આવ્યાં એમાં મૂળ અંતર કરતાં એક મીટરનો જ ફરક જોવા મળ્યો. સામાન્ય રીતે વપરાશમાં લેવાઈ રહેલા GPS કરતા NavIC સિસ્ટમથી માપેલું અંતર વિશ્વસનીય હોવાનું પુરવાર થયું હતું, કારણ કે GPSથી અંતર માપવામાં વાસ્તવિક અંતર કરતાં પથી ૧૦ મીટર અંતરનો ફરક આવે છે, એટલે ઈસરોની NavIC સિસ્ટમની મદદથી મેળવેલા ડેટા વધારે વિશ્વસનીય કહી શકાય છે. કાર દોડાવ્યા બાદ NavIC સિસ્ટમથી અંતરને લગતા જે પણ પરિણામો આવ્યાં એનું વિશ્લેષણ કર્યા બાદ આ તમામ ડેટા કેન્દ્ર સરકારને મોકલવામાં આવશે. આ ઉપરાંત પ્રપોઝલ પણ નેશનલ હાઈવે ઓથોરિટીને મોકલી આપવામાં આવશે. જેથી કેન્દ્ર સરકાર નિર્ણય લઈ શકે કે ઈ-ટોલ વસૂલવા માટે કેવી પદ્ધતિ ઉપયોગમાં લઈ શકાય.

# UKમાં ટાટા સ્ટીલ અને ઈટાલીમાં આર્સેલર મિત્તલ બંધ થવાના આરે, હજારો લોકો તેમની નોકરી ગુમાવશે

નવી દિલ્હી, તા.૩૧

ભારતીય સ્ટીલ ઉત્પાદકો ટાટા સ્ટીલ અને લક્ષ્મી મિત્તલની આર્સેલર મિત્તલ અનુક્રમે યુકે અને ઈટાલીમાં કાર્યરત છે તેમની કામગીરી સામે ઊભા થતાં વિવિધ પર્યાવરણીય મુદ્દાઓને કારણે બંધ થવાના આરે છે. જ્યારે ટાટા સ્ટીલ તેના વેલ્શ સ્ટીલ વર્કસમાં તેના બે કોલસા આધારિત બ્લાસ્ટ ફર્નેસને બંધ કરવાની યોજના ઘડી રહી છે, જેથી હરિયાળા અને સસ્તા સ્ટીલ નિર્માણ એકમોને સ્થાળાંતરિત કરી શકાય. મિત્તલની સ્ટીલ ફેક્ટરી જે કેન્સર પેદા કરતા રસાયણો ફેલાવવાના આરોપોનો સામનો કરી રહી છે તેને સરકારી અધિગ્રહણનો સામનો કરવો પડી રહ્યો છે. ટાટા સ્ટીલના બંધ થવાથી ૨૮૦૦ કામદારોમાં ખળભળાટ મચી ગયો છે જેઓ ૨૦૨૪ના અંત સુધીમાં તેમની નોકરી ગુમાવી શકે છે. જો કે, પોર્ટ ટેલ્બોટમાં ભઠ્ઠીઓમાં ૪૦૦૦ કામદારોને સંપૂર્ણ રીતે રોજગાર આપતી પેઢી, કામદારો અને યુનિયનોને આશ્વાસન આપવાનો પ્રયાસ કરી રહી છે કે, આ નિર્ણય સમગ્ર પોર્ટ ટેલ્બોટ ઓપરેશનના લાંબાગાળાના અસ્તિત્વ માટે મહત્ત્વપૂર્ણ છે પરંતુ તેનો કોઈ ફાયદો થયો નહીં. બીજી તરફ કંપનીને પર્યાવરણીય સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે અને તેના ગેસ સપ્લાયરને ૨૦ કરોડ ડૉલરનું દેવું બાકી છે ત્યારે ઈટાલીના ટેરેન્ટોમાં મિત્તલનો સ્ટીલ પ્લાન્ટ સરકાર હસ્તક લેવા માટે તૈયાર છે. ઈટાલીની એક અદાલતે તાજેતરમાં ગેસ કંપનીને મિત્તલ પ્લાન્ટને સપ્લાય બંધ કરવાની મંજૂરી આપી છે જે યુરોપના સૌથી મોટા સ્ટીલ પ્લાન્ટ્સમાં સામેલ છે. ટોરેન્ટો પ્લાન્ટમાં હિસ્સો ધરાવતી ઈટાલિયન સરકારની સ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ એજન્સી ઈન્વિટાલિયાએ આ પ્રક્રિયાની દેખરેખ રાખવા અને આર્સેલર મિત્તલને મેનેજમેન્ટમાંથી હટાવવાની યોજના બનાવવા માટે એક ખાસ એડમિનિસ્ટ્રેટર મૂકવા માટે કાનૂની કાર્યવાહી શરૂ કરી છે. મિત્તલ સ્ટીલ પ્લાન્ટને બંધ કરવાનો અર્થ એ છે કે, તે રોજગારી આપતા લગભગ દસ હજાર કામદારોની હકાલપટ્ટી છે જેનું પરિણામ ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીની સરકાર ટાળવા માટે સખત પ્રયાસ કરી રહી છે. જો કે, તે આર્સેલર મિત્તલ સ્ટીલ વર્કમાં ૩૨ કરોડ યુરો નાખવા માંગે છે. વાસ્તવમાં આર્થિક વિકાસ મંત્રી એડોલ્ફો ઉર્સોએ ઈટાલિયન સંસદમાં જણાવ્યું હતું કે, સ્ટીલ પ્લાન્ટને બચાવવા માટે કડક હસ્તક્ષેપની જરૂર છે. આર્સેલર મિત્તલ કહે છે કે, ટેરેન્ટો પ્લાન્ટ ત્યારથી મોટી પર્યાવરણીય સમસ્યાઓથી પીડાઈ રહ્યો છે તે જોતાં તે આવું કરવાની સ્થિતિમાં નથી. મિત્તલે ૨૦૧૮માં પ્લાન્ટ સંભાળ્યો હતો ટાટા સ્ટીલ અને આર્સેલર મિત્તલ બંને દ્વારા સામનો કરવામાં આવતી સમસ્યાઓ યુરોપ અને યુકેમાં સ્ટીલ ઉત્પાદકો દ્વારા સામનો કરવામાં આવતા પડકારોને પ્રકાશિત કરે છે જ્યાં કંપનીઓને ઉચ્ચ પર્યાવરણીય જાગરૂકતા અને ખર્ચાળ સંઘીય શ્રમને કારણે ટકી રહેવા માટે મુશ્કેલ કાર્યનો સામનો કરવો પડે છે.

# રવિવારે યોજાયેલી GSRTC ડ્રાઈવર માટેની પરીક્ષામાં વિવાદ

## ડ્રાઈવરની પરીક્ષામાં ક્લાસ-૧ અને ક્લાસ-૨ સ્તરના સવાલો પૂછાતા અરજદારોમાં રોષ

અમદાવાદ, તા.૩૧

રવિવારે ૨૮ જાન્યુઆરીએ જીએસઆરટીસી દ્વારા બસના ડ્રાઈવર માટેની પરીક્ષા યોજાઈ હતી. ડ્રાઈવરની પરીક્ષામાં પૂછાયેલા પ્રશ્નોને લઈને ઉમેદવારો મૂંઝવણમાં મૂકાયા હતાં. ડ્રાઈવરની પરીક્ષામાં કલાસ ૧- ૨ અધિકારી સ્તરના પૂછાય તેવા અઘરા સવાલો પૂછ્યા હતા. જેમાં ગણિત અને અંગ્રેજીમાં અટપટા સવાલો પૂછાયા હતાં તેમ ઉમેદવારોએ રોષ ઠાલવ્યો હતો. ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા ડ્રાઈવરની સીધી ભરતી કરવામાં આવી હતી જેની પરીક્ષામાં ઉમેદવારોને અટપટા અને ક્લાસ ૧ - ૨ ના સવાલો પૂછાતાં ઉમેદવારોએ કહ્યું હતું કે, અઘરા સવાલ આવડે તો ડ્રાઈવરની પરીક્ષા શું કામ આપીએ? ડ્રાઈવરની પરીક્ષા છે તો એ પ્રમાણે પરીક્ષા લેવાય તે જરૂરી છે. જો અમને આટલા અઘરા સવાલ આવડતા હોત તો અમે ડ્રાઈવર શું કામ બનવા પરીક્ષા આપતાં, આટલા અઘરા પેપરની તૈયારી કરીને અમે તલાટી કે પોલીસ જ ન બની જઈએ. ડ્રાઈવરની પરીક્ષા છે તો એ પ્રમાણે પેપર પુછાય એ જરૂરી છે. ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા કંડકટર અને ડ્રાઈવરની સીધી ભરતીની ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી હતી. જેના માટે ઓનલાઈન ફોર્મ ભરાઈ ગયા હતાં. આ ભરતીની વિગતવાર માહિતીમાં કુલ ખાલી જગ્યા, પગાર ધોરણ, શૈક્ષણિક લાયકાત જરૂરી દસ્તાવેજો, તેમજ આ ભરતી માટે ઓનલાઈન અરજી કેવી રીતે કરવી તે વિશેની સમગ્ર માહિતી આપવામાં આવી હતી. ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ દ્વારા આ ભરતીની જાહેરાત તારીખ ૪ ઓગસ્ટ ૨૦૨૩ ના રોજ કરવામાં આવી હતી. જેમાં કંડકટર માટેની કુલ ખાલી જગ્યા ૩૩૪૨ હતી જ્યારે ડ્રાઈવર માટેની સ્કૂલ ખાલી જગ્યા ૪૦૬૨ હતી. તેમજ આ ભરતી માટે અરજદાર તારીખ ૭ ઓગસ્ટ ૨૦૨૩થી કરી શરૂ કરવામાં આવી હતી અને અરજી કરવાની છેલ્લી તારીખ ૬ સપ્ટેમ્બર ૨૦૨૩ સુધીનું હતી. ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (GSRTC) દ્વારા જાહેર કરાયેલી જાહેરાતમાં જણાવ્યા અનુસાર ડ્રાઈવર અને કંડકટરને નોકરીના શરૂઆતના પાંચ વર્ષના સમયગાળા દરમ્યાન માસિક ૧૮,૫૦૦ રૂપિયા લેખે પગાર ચૂકવવામાં આવશે.

# ગામડામાં રહેતાં ૧૪થી ૧૮ વર્ષના લગભગ ૫૦ ટકા યુવાઓ સામાન્ય ભાગાકાર પણ નથી કરી શકતા : ASER રિપોર્ટ

નવી દિલ્હી તા.૩૧

સોશિયલ મીડિયાનો આ યુગ ભારતની યુવા પેઢીને અભ્યાસમાં નબળા બનાવી રહ્યો છે. એન્યુઅલ સ્ટેટ્સ ઓફ એજ્યુકેશન રિપોર્ટ (ASER2023)ના રિપોર્ટમાં આ વાતનો ખુલાસો થયો હતો. Annual Statusના અપડેટેડ રિપોર્ટમાં જાણ થઈ કે ૧૪થી ૧૮ વર્ષની વયના એક ચતુર્થાંસ વિદ્યાર્થીઓ તેમની પ્રાદેશિક ભાષાઓમાં ધો.૨ના લેવલના પુસ્તકો પણ સારી રીતે વાંચી નથી શકતા. રિપોર્ટમાં એ વાત પણ સામે આવી કે ગ્રામીણ વિસ્તારોમાં રહેતા ૧૪થી ૧૮ વર્ષની વયના વિદ્યાર્થીઓ અને યુવાઓ અને બાળકો ત્રણ ડિજિટવાળા સામાન્ય ભાગાકાર પણ સોલ્વ કરી શકતા નથી જે તેમને ધો.૩ અને ૪મા શીખવાડવામાં આવતા હતા.

આ રિપોર્ટમાં એ વાતનો પણ ખુલાસો થયો કે ૫૬% યુવા એવા છે જેઓ અંગ્રેજીમાં વાક્યો પણ વાંચી નથી શકતા. શિક્ષણ રિપોર્ટ ASER 2023 હાલમાં જારી કરાયો હતો. આ એક રાષ્ટ્રીય સ્તરનો સર્વે જે ગ્રામીણ ભારતમાં બાળકોના સ્કૂલના અભ્યાસ અને શીખવાની સ્થિતિ અંગે તારણ રજૂ કરે છે. ASER 2023 બિયોન્ડ બેઝિક્સ સર્વે ૨૬ રાજ્યોના ૨૮ જિલ્લામાં હાથ ધરાયો હતો જેમાં ૧૪-૧૮ વર્ષની વયજૂથના કુલ ૩૪,૭૪૫ યુવાઓને આવરી લેવાયા હતા.

રિપોર્ટમાં જાણ થઈ કે ગ્રામીણ ક્ષેત્રોમાં પણ સ્માર્ટફોનનો વધતો જતો ઉપયોગ એક મોટો પડકાર બની રહ્યો છે અને તેની ગંભીર આડઅસર વિદ્યાર્થીઓ પર જોવા મળી રહી છે. સર્વેમાં સામેલ લગભગ ૯૫ ટકા ઘરોમાં સ્માર્ટફોન હતા અને લગભગ ૯૫ ટકા પુરૂષ અને ૯૦ ટકા મહીલાઓ તેનો ઉપયોગ કરતી હતી. સ્માર્ટફોનનો ઉપયોગ મનોરંજનમાં વધુ અને અભ્યાસ માટે ઓછો થઈ રહ્યો છે. નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ હેઠળ ડિજિટલ એજ્યુકેશનને પ્રોત્સાહન અપાઈ રહ્યું છે ત્યારે રિપોર્ટમાં યુવાઓના મગજ ઉપર સોશિયલ મીડિયા ઉપર સ્માર્ટફોનની વધુ ઈફેક્ટ જોવા મળી હતી. ૧૪થી ૧૮ વર્ષના ૯૧% વિદ્યાર્થીઓ સોશિયલ મીડિયા ઉપર એક્ટિવ રહે છે.

# ભારત-ઈરાન સંબંધો વધુ મજબૂત થઈ રહ્યા છે

નવી દિલ્હી તા.૩૧

વિદેશ મંત્રી એસ. જયશંકરે ઈરાનની બે દિવસીય મુલાકાત લીધી હતી અને આ નિર્ણાયક અને સમયસર રાજદ્વારી મુલાકાત હતી. આ મુલાકાતનો ઉદ્દેશ્ય દ્વિપક્ષીય સંબંધોના રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક પાસાઓને વધુ મજબૂત બનાવવા માટે પ્રાદેશિક સુરક્ષા સ્થિતિ ઉપર ચર્ચા કરવાનો હતો. ઈઝરાયેલ-હમાસ યુદ્ધ દ્વારા લાલ સમુદ્રમાં સંકટ વધી રહ્યું હોવાથી, ભારતે દેશના વેપાર અને વ્યૂહાત્મક હિતોને સુરક્ષિત કરવા માટે નિર્ણાયક પ્રાદેશિક દેશો સાથે રાજદ્વારી સંપર્ક શરૂ કર્યો છે. વિદેશ પ્રધાન એસ જયશંકરની તેહરાનની તાજેતરની મુલાકાતનો ઉદ્દેશ્ય લાલ સમુદ્રમાં કથિત રીતે ઈરાન સમર્થિત હૌથીઓ દ્વારા વધતા હુમલાઓ ઉપર ભારતની ચિંતા વ્યક્ત કરવાનો હતો. MEAના પ્રવક્તાએ જણાવ્યું હતું કે લાલ સમુદ્ર, એડનની ખાડી અને ત્યાં હિંસા અને અસ્થિરતાના મુદ્દા અંગે ચર્ચા કરવામાં આવી હતી. ભારત જેવા દેશો ચિંતિત છે કારણ કે આ સંઘર્ષ યુરોપ સાથેના મોટાભાગના એશિયન વેપારને અસર કરી શકે છે. એવું માનવામાં આવે છે કે ઈરાન યમનમાં હૌથી સાથે ગાઢ સંબંધો ધરાવે છે જેણે નવેમ્બરના મધ્યથી લાલ સમુદ્રના માર્ગ ઉપર ચાલતા શિપિંગ જહાજો ઉપર શ્રેણીબદ્ધ હુમલા શરૂ કર્યા છે. જહાજો પરના હુમલાઓને આંતરરાષ્ટ્રીય સમુદાય માટે 'ગંભીર ચિંતા'નો વિષય ગણાવતા એસ જયશંકરે તેહરાનમાં જણાવ્યું હતું કે તેની સીધી અસર ભારતના ઉર્જા અને આર્થિક હિત ઉપર પડે છે. જયશંકરે ઈરાનના માર્ગ અને શહેરી વિકાસ મંત્રી મેહરદાદ બઝરપાશ સાથે પણ મુલાકાત કરી અને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ચાબહાર પોર્ટ ઉપર લાંબા ગાળાના સહકાર સાથે તેને સ્થાપિત કરવા ઉપર વિગતવાર ચર્ચા કરી. મુલાકાત દરમ્યાન ૧૫ જાન્યુઆરીએ, ભારત અને ઈરાને ચાબહાર પોર્ટના વધુ વિકાસ માટે એક કરાર ઉપર હસ્તાક્ષર કર્યા હતા. અગાઉ, જયશંકરે ૨૦૨૧માં તાશ્કંદમાં એક કનેક્ટિવિટી કોન્ફરન્સમાં ચાબહાર બંદરને 'ચાવીરૂપ પ્રાદેશિક પરિવહન હબ' તરીકે રજૂ કર્યું હતું. આ બંદરને આંતરરાષ્ટ્રીય ઉત્તર-દક્ષિણ પરિવહન કોરિડોર (INSTC) પ્રોજેક્ટ માટે મુખ્ય હબ તરીકે પણ જોવામાં આવે છે. INSTC પ્રોજેક્ટ ભારત, ઈરાન, અફઘાનિસ્તાન, આર્મેનિયા, અઝરબૈજાન, રશિયા, મધ્ય એશિયા અને યુરોપ વચ્ચે નૂર પરિવહન માટે 7,200-km-નો મલ્ટિમોડ ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ છે. સાંસ્કૃતિક સંબંધોને વધુ ગાઢ બનાવવા માટેના મહત્ત્વપૂર્ણ પગલામાં, જયશંકરે જાહેરાત કરી કે ભારત સરકારે નવી શિક્ષણ નીતિ હેઠળ ભારતની નવ શાસ્ત્રીય ભાષાઓમાંની એક તરીકે ફારસીનો સમાવેશ કરવાનો નિર્ણય લીધો છે. જયશંકરે ૧૫ જાન્યુઆરીએ તેમના ઈરાની સમકક્ષ એચ અમીરાબ્દોલ્લાહિયન સાથે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ દરમ્યાન ઉપરોક્ત ટિપ્પણી કરી હતી. જોકે, ભારતમાં શિયાઓની વસ્તી સુન્ની મુસ્લિમોની સરખામણીમાં ઘણી ઓછી છે. તેમ છતાં, ભારત સરકાર હંમેશા ઈરાન અને સઉદી અરેબિયા સાથે તેના સંબંધો બાંધવા અને સંતુલિત કરવામાં સક્ષમ રહી છે, આ બંનેને વૈશ્વિક સ્તરે શિયા અને સુન્ની સમુદાયના નેતાઓ તરીકે જોવામાં આવે છે. પ્રાદેશિક સ્તરે ભારતે હંમેશા ઈરાન સાથેના સંબંધોને પ્રાથમિકતા આપી છે. વિદેશ મંત્રીની મુલાકાત દરમિયાન ભારત અને ઈરાન વચ્ચેના સંબંધોના તમામ પાસાઓનો સમાવેશ થાય છે, તેમાં પ્રાદેશિક સુરક્ષા, વેપાર અને વિકાસ અને સાંસ્કૃતિક સંબંધો આવરી લેવામાં આવ્યા છે. જે રીતે બંને દેશો વચ્ચે વેપાર, આર્થિક અને સાંસ્કૃતિક પ્રયાસો આગળ વધ્યા છે.

# માંગરોળમાં પ્રજાને રખડતા ઢોરના ત્રાસમાંથી મુક્તિ અપાવવા આમ આદમી પાર્ટીએ ઉચ્ચકક્ષાએ રજુઆત

(નીલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા. ૩૧

માંગરોળમાં પ્રજાને રખડતા ઢોરના ત્રાસમાંથી મુક્તિ અપાવવા આમ આદમી પાર્ટીએ ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી અત્રેની નગરપાલિકા દ્વારા રાજ્ય સરકારે જાહેર કરેલ રખડતાં ઢોર સંબંધી માર્ગદર્શિકાને અમલી બનાવવા માંગણી કરી છે.

શહેરમાં રખડતાં પશુઓ અવારનવાર રાહદારીઓને હડફેટે લઈ, લોહીલુહાણ કરી ગંભીર રીતે ઘાયલ કરે છે. રોજબરોજના ત્રાસથી લોકો અસલામતી અનુભવી રહ્યા છે. ત્યારે ગત જુલાઈ-૨૩માં રાજ્ય સરકારે રાજ્યની તમામ પાલિકા અને કોર્પોરેશન વિસ્તારમાં વિકરાળ બની રહેલી રખડતાં ઢોરની સમસ્યા દૂર કરવા દંડનીય કાર્યવાહી સાથે માર્ગદર્શિકા અમલી બનાવી હતી અને સરકારે સમગ્ર રાજ્યની પાલિકા અને કોર્પોરેશન વિસ્તારમાં તે અમલી બનાવી તેનો અસરકારક અંમલ શરૂ કરી દેવાયો હોવાનું સોગંદનામું પણ ગુજરાત હાઈકોર્ટમાં રજૂ કરેલ હતું.

રાજયની પાલિકા અને કોર્પોરેશનો દ્વારા આ માર્ગદર્શિકાથી જનતા અને પશુપાલકોને માહિતગાર કરવા મુખ્ય અખબારોમાં પશુપાલકોને પોતાના પશુઓની નોંધણી કરાવી લાઈસન્સ મેળવવા, પોતાના પશુઓને ટેગ લગાવી ઓળખ ઉભી કરવા (જેથી પશુ પકડાય તો કોનું છે તે પાલિકા તંત્ર ઓળખ કરી પશુને છુટું મુકી માર્ગદર્શિકાના ભંગ બદલ તેની સામે દંડનીય કાર્યવાહી કરી શકે), પશુપાલકો પાસે પશુ રાખવા નિયત કરાયેલ જગ્યા ધરાવતા ન હોય તો તે પશુ રાખી ન શકે, પોતાના પાળેલ પશુ છુટ્ટા ન મુકવા, જાહેરમાં ચારો વેચવા કે નાખવા બદલ કાર્યવાહી કરવા સંબંધી જોગવાઈઓથી પરીચિત કરાવવા જાહેરાતો આપવામાં આવી હતી. પરંતુ આ માર્ગદર્શિકા અમલી બન્યાના છ માસ બાદ પણ સરકાર નિયુક્ત વહીવટદાર સંચાલિત માંગરોળ પાલિકા દ્વારા તેનો કોઈ અમલ કરાયેલ ન હોય, માંગરોળ પાલિકા દ્વારા આવી કોઈ અંખબારી જાહેરાત પણ અપાયેલ જોવા મળી ન હોય, આ અંગે પાલિકામાં કોઈ રજીસ્ટરો કે લાઈસન્સો આપવા કોઈ કાર્યવાહી કરાયેલ ન હોય, આજે પણ શહેરમાં રખડતાં પશુઓનો ત્રાસ અને પ્રજામાં ભય યથાવત છે. આ બાબતે તુરંત માંગરોળ પાલિકા આ માર્ગદર્શિકાને અમલી બનાવે તે માટે સુચના આદેશ કરવા અને સરકારે જાહેર કરેલ માર્ગદર્શિકાને અમલી બનાવવા તેમજ સરકારના આદેશની અમલવારી ન કરનાર જવાબદાર અધિકારીઓ સામે શિસ્ત અને અપીલના નિયમો મુજબ દંડનીય કાર્યવાહી કરવાની રાજ્યના સચિવ, મ્યુનિ. કમિશ્નર (ગાંધીનગર) સહિતના સમક્ષ માંગ કરી છે.

### ગુજરાત પ્રજાપતિ સંઘના સ્થાપક દલસુખભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને

# અખીલ ગુજરાત સમસ્ત પ્રજાપતિ સંઘ દ્વારા સોમનાથમાં ધ્વજારોહણ

(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૩૧

ગીર સોમનાથના સોમનાથમા અખીલ ગુજરાત સમસ્ત પ્રજાપતિ સંઘ દ્વારા ધ્વજારોહણ સમૂહ ભોજન સંતવાણી સહીતનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. હજારોની સંખ્યામાં ભાઈઓ તથા બહેનોની ઉપસ્થિત રહ્યા હતા.



સામાજીક કાર્યક્રમ અને ધાર્મીક કાર્યક્રમ થકી સમાજની એકતા જળવાઈ રહે છે જે હેતુથી ગુજરાત સમસ્ત પ્રજાપતિ સંઘના અધ્યક્ષ અને બરોડાના પૂર્વ ધારાસભ્ય દલસુખભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને ડાકોર, દ્વારકા બાદ સોમનાથમા ધ્વજારોહણ કરવાનો સંકલ્પ સિધ્ધ થયો. હજારોની સંખ્યામા ગુજરાતભરમાંથી પ્રજાપતી સમાજ ઉમટી પડયો હતો. સોમનાથના મુખ્ય માર્ગ ઉપરથી મહામંડલેશ્વર બજરંગદાસ બાપુ, સતાધારના કોઠારી સ્વામી સહીતના સંતોની ઉપસ્થિતમાં ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. ત્યારબાદ સોમનાથ મહાદેવને ધ્વજારોહણ અને પછી સંત સંમેલન યોજાયું હતું જેમાં દાતાઓ, અગ્રણીઓનું, પત્રકારોનું સન્માન કરાયું હતું. આ તકે સમસ્ત પ્રજાપતિ સમાજનું અયોધ્યા ખાતે નવુ ભવન બને , શિક્ષણનો વ્યાપ વધે અને દરેક મંડળો પોતાના વિસ્તારના ગરીબ વર્ગના પાચ બાળકોને શિક્ષણ માટે દતક લે તેવો ઠરાવ કરાયો હતો.

# માંગરોળમાં ગત વર્ષે ૨૫૦૨ દસ્તાવેજોની થયેલ નોંધણી : સરકારને ૫.૫. કરોડથી વધુની આવક થઈ

(નીલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા. ૩૧

માંગરોળમાં ગત્ ડિસેમ્બરે પુરા થયેલા વર્ષમાં મિલ્કતોના નોંધાયેલા ૨૫૦૨ દસ્તાવેજોથી સરકારને સાડા પાંચ કરોડથી વધુ રકમની આવક થવા પામી છે. છેલ્લા ત્રણ વર્ષમાં અત્રેની સબ રજીસ્ટ્રાર કચેરીએ સ્ટેમ્પ ડયુટી અને નોંધણી ફી મળી ૧૪ કરોડ થઈ વધુની રકમ રળી આપી છે.

અત્રેની સબ રજીસ્ટ્રાર કચેરીમાં ૨૦૨૨માં ૨૫૯૨ દસ્તાવેજો નોંધાયા હતા. જેમાં રૂા.૩,૬૪,૬૮,૧૦૬/- ની સ્ટેમ્પ ડયુટી અને રૂા.૭૨,૪૭,૭૦૫/- નોંધણી ફી સહિત કુલ રૂા.૪,૩૭,૪૨,૮૧૧/- ની સરકારને આવક થઈ હતી. જ્યારે ૨૦૨૩માં ૨૫૦૨ દસ્તાવેજોમાં રૂા.૪,૭૩,૨૧,૬૩૩/-ની સ્ટેમ્પ ડયુટી અને રૂા.૮૧,૧૩,૩૯૬/- નોંધણી ફી મળી કુલ રૂા.૫,૫૪,૩૫,૩૧૯/-ની આવક થવા પામી છે. ગત ૨૦૨૨ના વર્ષ કરતા ૯૨ દસ્તાવેજો ઓછા નોંધાયા હોવા છતાં ૨૦૨૨ની સરખામણીએ રૂા.૧.૧૬ કરોડ જેટલી વધુ આવક થવા પામી છે. એપ્રિલ -૨૩ માસથી સરકારે સ્ટેમ્પ ડયુટી ડબલ કરી નાંખતા રૂપીયા એક કરોડ સોળ લાખથી વધુની વધારે આવક થવા પામી છે. આ રીતે છેલ્લા ત્રણ વર્ષમાં માંગરોળ સબરજીસ્ટાર કચેરીએ નોધાયેલા દસ્તાવેજોથી રૂા.૧૪,૦૭,૩૪,૭૦૭/- (૧૪ કરોડથી વધુ) જેટલી આવક કરી સરકારની તિજોરીને છલકાવી દીધી છે.

# લોઢવા નજીક સૌરાષ્ટ્ર સિમેન્ટ કંપનીમાં માઈન્સ પર્યાવરણ અને ખનીજ સંરક્ષણ સપ્તાહની ઉજવણી



(જાદવ ભોળા દ્વારા)

લોઢવા તા. ૩૧

ડાઈરેકટર માઈન્સ સેફટી (અમદાવાદ ક્ષેત્ર) દ્વારા ૧૪મું મેટાલીફેરસ માઈન્સ સેફટી વીક ૨૦૨૩-૨૪ અને ઈન્ડિયન બ્યુરો ઓફ માઈન્સ (ઉદયપુર ક્ષેત્ર) દ્વારા ૩૧મું માઈન્સ પર્યાવરણ અને ખનીજ સરક્ષણ સપ્તાહ ૨૦૨૩-૨૪ નું આયોજન તા.૧૬/૧/૨૦૨૪થી તા.૨૪/૧/૨૦૨૪ સુધી કરવામાં આવેલ, જેના અંતર્ગત ઈન્સ્પેકશન ટીમ દ્વારા સૌરાષ્ટ્ર સિમેન્ટ લીમીટેડની સિધ્ધિ લાઈમસ્ટોન માઈન્સનું તા.૨૦/૧/૨૦૨૪ને શનિવારના રોજ ઈન્સ્પેકશન કરવામાં આવેલ. ઈન્સ્પેકશન દિવસે યોજેલ કાર્યક્રમમાં આવેલ ઈન્સ્પેકશન ટીમના સભ્યો તથા સૌરાષ્ટ્ર સિમેન્ટ લીમીટેડના રાજીવ રંજન સીંગ (એચ.ઓ.ડી.- માઈન્સ) અને સીનીયર અધિકારીઓએ પર્યાવરણ સરક્ષણ અને સુરક્ષા માટે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. ઈન્સ્પેકશન ટીમે સૌરાષ્ટ્ર સિમેન્ટ લીમીટેડ દ્વારા પર્યાવરણ સરક્ષણ અને સુરક્ષા માટે કરેલા કાર્યોની પ્રશંસા કરી હતી. સૌરાષ્ટ્ર સિમેન્ટ લીમીટેડ દ્વારા તેમને ભવિષ્યમાં પણ પર્યાવરણ સરક્ષણ અને સુરક્ષા માટે પ્રયત્નશીલ રહેશે તેવી ખાતરી આપવામાં આવી હતી. આ પ્રસંગે વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો જેમાં ઈન્સ્પેકશન ટીમના સભ્યો, કંપનીના અધિકારીઓ તથા કર્મચારી દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# કેસ દાખલ કરતી વખતે જાતિ-ધર્મના ઉલ્લેખની પ્રથા બંધ કરવા આદેશ

નવી દિલ્હી, તા.૩૧

સુપ્રીમ કોર્ટે તમામ કોર્ટોને આદેશ આપ્યો છે કે, તેઓ કેસ દાખલ કરતી વખતે વાદીની જાતિ અને ધર્મનો ઉલ્લેખ કરવાની પ્રથા બંધ કરે. ન્યાયાધીશ હિમા કોહલી અને ન્યાયાધીશ અમાનુલ્લાહની બેંચે તમામ હાઈકોર્ટને ખાતરી કરવા કહ્યું છે કે, તેમના અધિકાર ક્ષેત્ર હેઠળની ગૌણ અદાલતોમાં કોઈપણ અરજીમાં વાદીની જાતિ અથવા ધર્મનો ઉલ્લેખ ન થાય.બેંચે કહ્યું કે, કોર્ટમાં કોઈપણ વાદીની જાતિ અથવા ધર્મનો ઉલ્લેખ કરવાનું અમને કોઈ કારણ જોવા મળ્યું નથી. આવી પ્રથાને ખતમ કરી દેવી જોઈએ. આ કોર્ટોમાં દાખલ કરાયેલી અરજી અને કાર્યવાહીમાં પક્ષકારોની જાતિ-ધર્મનો ઉલ્લેખ કરાશે નહીં, પછી ભલે નીચેની અદાલતો સમક્ષ આવું કોઈ નિવેદન રજૂ કરાયું હોય. સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો કે, અમારા આદેશનું તુરંત પાલન કરવા બારના સભ્યો ઉપરાંત રજિસ્ટ્રીનું ધ્યાન દોરવામાં આવે. આદેશની નકલ સંબંધિત રજિસ્ટ્રાર સમક્ષ અવલોકન માટે મુકાશે અને કડક પાલન માટે તમામ હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલને પણ મોકલાશે. રાજસ્થાનના શ્રીગંગાનગરની ફેમિલી કોર્ટમાં પેન્ડિંગ વૈવાહિક વિવાદ કેસમાં ટ્રાન્સફર પિટિશનને મંજૂરી આપતાં સુપ્રીમ કોર્ટે આ આદેશ આપ્યો છે. બંને પક્ષકારોની અરજીમાં પતિ-પત્નીની જાતીનો ઉલ્લેખ કરાતા સુપ્રીમ કોર્ટે આશ્ચર્યવ્યક્ત કર્યું હતું. અરજદારના વકીલે કહ્યું કે, નીચલી અદાલતો સમક્ષ દાખલ પિટિશનમાં ફેરફાર કરવામાં આવે, તો રજિસ્ટ્રી વાંધો ઉઠાવે છે. આ કેસમાં બંને પક્ષકારોની જાતિનો ઉલ્લેખ કોર્ટ સમક્ષ કરાયો હતો, તેથી તેમની પાસે ટ્રાન્સફર પિટિશનમાં જાતિનો ઉલ્લેખ કરવા સિવાય અન્ય વિકલ્પ ન હતો. દરમિયાનમાં જમ્મુ-કાશ્મીરમાં ઈન્ટરનેટ પ્રતિબંધ મામલે મંગળવારે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ સમય દરમિયાન સુપ્રીમ કોર્ટે જમ્મુ-કાશ્મીર પ્રશાસનને ઈન્ટરનેટ પ્રતિબંધ સંબંધિત સમીક્ષા આદેશ જાહેર કરવાનો નિર્દેશ આપ્યો છે. સુપ્રીમ કોર્ટે પ્રશાસનને કહ્યું કે આ પ્રકારના આદેશોને કબાટમાં ન રાખવા જોઈએ. સાથે જ સુપ્રીમ કોર્ટે કેન્દ્રના વકીલને આ મામલે સૂચનાઓ લેવા માટે બે અઠવાડિયાનો સમય આપ્યો હોવાનું એક અહેવાલ દ્વારા જાણવા મળ્યું છે.સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીર પાસેથી જાણવા માંગ્યું હતું કે અનુરાધા ભસીન કેસમાં સુપ્રીમ કોર્ટના નિર્ણય હેઠળ ઈન્ટરનેટ પ્રતિબંધ સંબંધિત સમીક્ષા આદેશો સાર્વજનિક કરવામાં આવ્યા હતા કે નહીં. ત્યારબાદ કોર્ટે એવી ટકોર કરી હતી કે આ આદેશોને કબાટમાં રાખવા જોઈએ નહીં.બેન્ચે કેન્દ્રશાસિત પ્રદેશ માટે હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ કેએમ નટરાજની દલીલને ફગાવી દીધી હતી કે, કોર્ટ સમક્ષની તત્કાળ અરજીમાં બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરતી વખતે લાદવામાં આવેલા આવા પ્રતિબંધોને લગતી ચર્ચાઓ જાહેર કરવાની માંગ કરવામાં આવી છે.નટરાજે કહ્યું કે અરજદારની અરજી કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં ઈન્ટરનેટ પ્રતિબંધો સંબંધિત સમીક્ષા આદેશોના સંબંધમાં થયેલી ચર્ચાઓ વિશે માહિતી પ્રકાશિત કરવાની છે.

# કેનેડાની કોલેજોએ સ્ટુડન્ટ માટે રહેવાની સગવડની ગેરંટી આપવી પડશે

**કેનેડામાં રોજગારની તક, મકાનોના ભાવ, ભાડા અંગે લોકોમાં ઘણી ગેરમાન્યતાઓ છે તેને દૂર કરવા માટે પ્રયાસ કરવામાં આવશે, ઓન્ટારિયો એ કેનેડામાં સૌથી વધુ વસતી ધરાવતો પ્રોવિન્સ છે**



નવી દિલ્હી, તા.૩૧

કેનેડામાં ભારતીયો સહિતના વિદેશી સ્ટુડન્ટની સંખ્યા સતત વધતી જાય છે અને આટલા બધા સ્ટુડન્ટ માટે રહેવાની જગ્યાની અછત છે. આ પરિસ્થિતિમાં કેનેડાના ઓન્ટારિયો પ્રાંતે તમામ કોલેજો અને યુનિવર્સિટીઓને આદેશ આપ્યો છે કે વિદેશી સ્ટુડન્ટને હાઉસિંગની વ્યવસ્થાની ગેરંટી આપ્યા પછી જ એડમિશન આપવાનું રહેશે. ઓન્ટારિયો એ કેનેડામાં સૌથી વધુ વસતી ધરાવતો પ્રોવિન્સ છે. કેનેડામાં ભણતા કુલ વિદ્યાર્થીઓમાંથી અડધા સ્ટુડન્ટ ઓન્ટારિયોમાં રહે છે. અહીંની કોલેજો અને યુનિવર્સિટીઓએ તમામ સ્ટુડન્ટ માટે રહેવાની વ્યવસ્થા હોવાની ગેરંટી આપવાની રહેશે. કેનેડાએ આ અઠવાડિયે વિદેશી સ્ટુડન્ટની સંખ્યા પર બે વર્ષ માટે લિમિટ મૂકી છે. ત્યાર બાદ ઓન્ટારિયોની ઓથોરિટી તરફથી આ પગલું લેવામાં આવ્યું છે. કામચલાઉ માઈગ્રન્ટ્સના કારણે કેનેડામાં મકાનોના ભાડા અને ભાવ અત્યંત વધી ગયા છે જેના કારણે સરકાર સામે રોષનું વાતાવરણ છે. હવેથી જે કોલેજો અને યુનિવર્સિટીઓમાં મોટી સંખ્યામાં વિદેશી સ્ટુડન્ટ આવવાની શક્યતા હોય તેમણે હાઉસિંગનો પહેલેથી વિચાર કરવો પડશે. તેથી તેમણે માર્કેટની ડિમાન્ડને ધ્યાનમાં રાખીને હાઉસિંગની ગેરંટી આપવી પડશે. એટલે કે લેબર માર્કેટની સ્થિતિ પ્રમાણે હાઉસિંગનું કામ કરવાનું રહેશે. કેનેડાના કોલેજ અને યુનિવર્સિટી બાબતોના મંત્રી જિલ ડનલોપે જણાવ્યું કે, કેનેડામાં વિદેશી સ્ટુડન્ટની સંખ્યામાં વધારો થયો હોવાથી એક ચેલેન્જ પેદા થઈ છે. કેટલાક રિક્રુટર્સ દ્વારા લોકોને ખોટી માહિતી આપવામાં આવે છે, તેમને સિટિઝનશિપ અને પર્મેનન્ટ રેસિડન્સ અંગે ખોટા વચનો આપવામાં આવે છે.

આ ઉપરાંત કેનેડામાં રોજગારી અંગે પણ ખોટી ખોટી વાતોથી લોકોને ગેરમાર્ગે દોરવામાં આવે છે. અહીં સ્ટુડન્ટ માટે આવાસની અછત છે અને તેને દૂર કરવા માટે સામૂહિક પ્રયાસ કરવા જરૂરી છે. ઓન્ટારિયો પ્રાંતમાં પબ્લિક અને પ્રાઈવેટ કોલેજો વચ્ચે નવી ભાગીદારી પર પણ પ્રતિબંધ મૂકવામાં આવશે. છેલ્લા એક દાયકામાં સ્ટુડન્ટની સંખ્યામાં ત્રણ ગણો ઉછાળો આવવા માટે આ પણ એક કારણ છે. આવા ઘણા સ્ટુડન્ટ એજ્યુકેશનનો ઉપયોગ કરીને પોસ્ટ ગ્રેજ્યુએટ વર્ક પરમિટ અને છેલ્લે પીઆર મેળવવાનો પ્રયાસ કરે છે. ઓન્ટારિયોની જેમ કેનેડાના બીજા પ્રાંત પણ આવા જ પગલાં લે તેવી શક્યતા છે. ઉદાહરણ તરીકે બ્રિટિશ કોલંબિયા સરકાર પણ આગામી સપ્તાહમાં સ્ટુડન્ટ્સના હાઉસિંગ વિશે નવા નિયમો જાહેર કરી શકે છે. કેનેડાની કોલેજો અને યુનિવર્સિટીઓ આંતરરાષ્ટ્રીય સ્ટુડન્ટ્સ પર વધારે આધાર રાખે છે કારણ કે તેઓ લોકલ સ્ટુડન્ટ કરતા લગભગ પાંચ ગણી વધારે ફી ભરે છે. આ રીતે સરકારી ફંડિંગને મદદ મળે છે. ઓન્ટારિયોએ છેલ્લા કેટલાક વર્ષોથી કેનેડિયન સ્ટુડન્ટ પાસેથી વસુલવાપાત્ર ફી પણ ફ્રીઝ કરી દીધી છે. કેનેડા આવતા સ્ટુડન્ટને હાઉસિંગ ઉપરાંત જોબની તક વિશે પણ ઘણી ખોટી માહિતી આપવામાં આવે છે. વાસ્તવમાં અહીં વ્હાઈટ કોલર જોબની અછત છે અને મોટા ભાગના ભારતીય સ્ટુડન્ટ સીધે સીધા વ્હાઈટ કોલર જોબ કરી શકે તેવા ક્વોલિફાઈડ હોતા નથી. તેના કારણે તેમણે સખત શારિરીક શ્રમ કરવો પડે તેવી જોબ કરવી પડે છે. આવી જોબ પણ બહુ ઓછી છે અને તેના કારણે તેમના એજ્યુકેશન પર પણ અસર થાય છે.

# યુવાનોમાં ધુમ્રપાનની ફેશનને લઈને કેરળ હાઈકોર્ટની મહત્વપૂર્ણ ટિપ્પણી

## કોર્ટે કહ્યું કે આ બાબતો પર વિચાર કરવાની જરૂર છે. હાઈકોર્ટે તો ત્યાં સુધી કહ્યું કે આજના યુવક-યુવતીઓને કોઈ ઓછા જવાબદાર ન ગણવા જોઈએ. આ બાળકો તમારા અને અમારા કરતા ઘણા વધુ હોશિયાર

ત્રિવેન્દ્રમ તા.૩૧

કેરળની હાઈકોર્ટે ગઈકાલે એક મહત્વપૂર્ણ ટિપ્પણી કરી હતી. આ ટિપ્પણી એવા યુવાનો વિશે હતી જેઓ ધૂમ્રપાન કરે છે અને અન્ય દવાઓનું સેવન કરે છે. એક કેસની સુનાવણી દરમિયાન, કેરળ કોર્ટે શંકા વ્યક્ત કરી હતી કે લોકો, ખાસ કરીને યુવાનો, ફિલ્મો અથવા ટીવીમાં ધૂમ્રપાનના દ્રશ્યો જોઈને જ ધૂમ્રપાન કરવાનું શરૂ કરશે. દેવન રામચંદ્રન કેરળ હાઈકોર્ટમાં જસ્ટિસ છે, તેઓ આ કેસની સુનાવણી કરી રહ્યા હતા. જસ્ટિસ રામચંદ્રને અરજદારોની માંગ પર સવાલ ઉઠાવ્યા કે આખી સ્ક્રીન સ્વાસ્થ્ય ચેતવણીઓથી ભરેલી હોવી જોઈએ. કોર્ટે કહ્યું કે આવા નિયમનથી આંતરરાષ્ટ્રીય અને પ્રાદેશિક સિનેમાને અસર થશે.



કોર્ટે માન્યું કે યુવકના ધૂમ્રપાન પાછળ અન્ય કારણો પણ છે. ન્યાયાધીશનું માનવું હતું કે કેટલીકવાર લોકો સાથીઓના દબાણને કારણે આ તરફ આગળ વધે છે અને કેટલીકવાર સિગારેટ સરળતાથી મળી રહે છે અને સમાજમાં તેની યોગ્ય સ્વીકૃતિ છે. કોર્ટે કહ્યું કે આ બાબતો પર વિચાર કરવાની જરૂર છે. હાઈકોર્ટે તો ત્યાં સુધી કહ્યું કે આજના યુવક-યુવતીઓને કોઈ ઓછા જવાબદાર ન ગણવા જોઈએ. આ બાળકો તમારા અને અમારા કરતા ઘણા વધુ હોશિયાર છે. કોર્ટે કહ્યું કે ધૂમ્રપાન કરવાની, દારૂ પીવાની અને ડ્રગ્સની આદત પણ માત્ર સ્ક્રીન પર આવા સીન જોઈને લેવામાં કે સેવન કરવામાં આવતું નથી. કોર્ટે સ્વીકાર્યું કે યુવાનોમાં ધૂમ્રપાન, આલ્કોહોલ અને ડ્રગ્સ તરફના ઝોકને રોકવા માટે દેખીતી રીતે એક પહેલની જરૂર છે અને તે પહેલને સમર્થન પણ મળવું જોઈએ પરંતુ એવું કહેવું યોગ્ય નહીં હોય કે આવા દ્રશ્યોના કારણે જ આવી ઘટનાઓ બની રહી છે. ફિલ્મોમાં બતાવવામાં આવે છે. સમગ્ર મામલો વિષે જણાવીએ..

હાઈકોર્ટ સિગારેટ અને અન્ય ટોબેકો પ્રોડક્ટ્સ એક્ટ, ૨૦૨૩ (COTPA, ૨૦૨૩)ના સંપૂર્ણ અમલીકરણ સામે દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી કરી રહી હતી. અરજદારની માંગ હતી કે COTPA, ૨૦૨૩ કાયદામાં ઉલ્લેખ છે કે જો કોઈપણ પ્લેટફોર્મ દ્વારા પ્રકાશિત કોઈપણ કાર્યક્રમમાં સિગારેટ અને અન્ય તમાકુ સંબંધિત ઉત્પાદનો બતાવવામાં આવે છે, તો તેનાથી સંબંધિત આરોગ્ય ચેતવણીઓ પણ સ્ક્રીન પર બતાવવામાં આવે તે જરૂરી રહેશે. બતાવો પિટિશન દાખલ કરનારાઓએ કહ્યું કે આ નિયમનું યોગ્ય રીતે પાલન કરવામાં આવી રહ્યું નથી. કેરળ સ્વૈચ્છિક આરોગ્ય સેવા નામની સંસ્થા દ્વારા કેરળ હાઈકોર્ટ સમક્ષ આ અરજી દાખલ કરવામાં આવી હતી. કેરળ સ્વૈચ્છિક આરોગ્ય સેવાએ દલીલ કરી હતી કે ૨૦૨૩ કાયદાની વારંવાર અવગણના કરવામાં આવે છે અને તમાકુની ચેતવણીઓ યોગ્ય રીતે પ્રદર્શિત કરવામાં આવતી નથી. અરજદારે કહ્યું કે જ્યારે નાના બાળકો સ્ક્રીન પર તેમના મનપસંદ હીરોને ધૂમ્રપાન કરતા અથવા આવા અન્ય કાર્યો કરતા જુએ છે, ત્યારે તેઓ સ્વાભાવિક રીતે જ તેને સ્ટાઈલ સ્ટેટમેન્ટ માનીને તેના તરફ આકર્ષાય છે. તેથી કોર્ટે આ અંગે કેટલીક માર્ગદર્શિકા જાહેર કરવી જોઈએ.

# જૂનાગઢ મનપાના બહુ ગવાયેલા કમિશ્નર રાજેશ તન્નાની આખરે બદલી : ડો. ઓમ પ્રકાશ મુકાયા

## જૂનાગઢ શહેરમાં જળ પ્રલયની બનેલી ઘટના અને ગેરકાયદેસર બાંધકામો દુર કરવામાં આંખ આડા કાન કરી પ્રજા વિકાસના કોઇ કામોમાં કંઇ ઉકાળી નહી શકનાર કમિશ્નરને આખરે બદલાવાયા


બદલી થયેલા કમિશ્નર રાજેશ તન્ના


નવનિયુક્ત કમિશ્નર ડો. ઓમપ્રકાશ

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૩૧

જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશ્નર રાજેશ તન્નાની આખરે બદલી કરવામાં આવી છે અને તેમના સ્થાને જૂનાગઢના કમિશ્નર તરીકે ડો. ઓમપ્રકાશને મુકવામાં આવ્યા છે. પોતાના સમયકાળ દરમ્યાન કમિશ્નર તરીકે જે કામો ન્યાયપુર્ણ કરવા જોઈએ તેવા કોઈ કામોમાં કંઈ ઉકાળી ન શકનાર કમિશ્નર રાજેશ તન્નાની બદલી થઈ છે ત્યારે જનતાએ હાંશકારો અનુભવ્યો છે. ઉપરાંત જૂનાગઢના કમિશ્નર તરીકે નવા નિમાયેલા ડો. ઓમપ્રકાશ પાસે અનેક અપેક્ષાઓ રાખવામાં આવી છે.

જૂનાગઢ શહેરના કમિશ્નર પદે નિમણુંક પામેલા રાજેશ તન્નાએ પોતાના સમગ્ર કાર્યકાળ દરમ્યાન આમ જનતાની ફરિયાદ હોય કે અન્ય કોઈપ્રશ્ન હોય કયારેય યોગ્ય રીતે કામગીરી કરી નથી અને જનતામાંથી તેમના વિરૂધ્ધ અનેક ફરિયાદો ઉઠવા પામી છે. મુખ્યમંત્રીશ્રીએ જૂનાગઢ ખાતે જુન માસમાં બનેલી જળહોનારતની ઘટના બાદ ભરી સભામાં કમિશ્નરને જૂનાગઢ શહેરના વોકળા ઉપર થયેલા ગેરકાયદેસર બાંધકામો સામે કડક કાર્યવાહી કરવાનો નિર્દેશ અને સુચન પણ આપ્યું હતું પરંતુ આ કમિશ્નરે તેને સામે પણ કોઈકાર્યવાહી કરી નથી. વોકળા દબાણમાં છેક સુધી આંખ આડા કાન કરવામાં આવેલ છે. જૂનાગઢ શહેરમાં અનેક વિસ્તારોમાં ખાસ કરીને જયાં જયાં વોકળા આવેલા છે ત્યાં મોટા માથા અથવા રાજકીય વગધારીઓએ પોતાના બિલ્ડીંગો ખડકી દીધા છે અને આમ જનતાનો સતત આક્રોશ આવા ગેરકાયદેસર બાંધકામો સામે રહ્યો હોવા છતાં તેમજ આવા દબાણો દુર કરવાની ઉચ્ચકક્ષાએથી ફરમાન આવ્યા છતાં પણ મનપાના કમિશ્નર એવા રાજેશ તન્નાએ પોતાની સત્તા અને પાવરનો કોઈ જાતનો ઉપયોગ ન કર્યો અને ગેરકાયદેસર બાંધકામો કરનારાઓને જાણે છાવરી રહ્યા હોય તેવો સિનાર્યો ઉભો થયો હતો.

એકંદરે જોતા કમિશ્નર તરીકે રાજેશ તન્નાનો કાર્યકાળ નાલેશી ભર્યો રહ્યો છે. જૂનાગઢમાં વોકળા કાંઠે થયેલા દબાણો નહી હટાવવાના કારણે શહેરના નિર્દોષ નાગરિકોને પુરના પ્રકોપનો સામનો કરવો પડયો હતો અને ભારે આર્થિક નુકસાન વેઠવું પડયું હતું. માત્ર નોટિસો જ આપીને કોઈપણ પ્રકારની કામગીરી નહી કરનારા કમિશ્નર રાજેશ તન્નાની આખરે બદલી કરવામાં આવેલ છે. જયારે જૂનાગઢના નવનિયુક્ત કમિશ્નર તરીકે ૨૦૧૬ની બેચના આઈએએસ ડો. ઓમપ્રકાશની નિમણુંક કરવામાં આવી છે અને જૂનાગઢ કમિશ્નર પદનો તાજ પહેરનાર આ અધિકારી પાસે લોકોની અનેક અપેક્ષાઓ રહેશે.

# જૂનાગઢમાં લગ્નપ્રસંગમાં રૂા.૧૦.૫૫ લાખના દાગીનાની થયેલ ચોરીનો ભેદ ઉકેલતી પોલીસ

## મુદામાલ સાથે ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી લેવાયો



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૩૧

જૂનાગઢમાં લગ્ન પ્રસંગે આવેલ રાજકોટના કારખાનેદારની પાર્ટી પ્લોટની બહાર પાર્ક કરેલી કારનો કાચ તોડીને એક શખ્સે રૂા.૧૦.૫૫ લાખની કિંમતના ૨૫ તોલાના સોનાના દાગીના ચોરી કર્યાની ઘટના સામે આવતા પોલીસે સીસીટીવીના આધારે કલાકોમાં ચોરને ઝડપી લઈને કેસ ઉકેલી નાખ્યો છે. રાજકોટના કોઠારીયા રોડ ઉપર ન્યુ સુભાષ નગર-૧માં નંદાહોલ પાસે રહેતા અને જીઆઈડીસીમાં વેરાન પંપ નામે સમમર્શીબલ બનાવવાનું કારખાનું ધરાવતા ચિરાગ અશોકભાઈ રૂપારેલીયા પત્ની, માતા-પિતા અને દીકરા સાથે જૂનાગઢ આવ્યા હતા. અહીં તેમના માસીના દીકરાના લગ્ન પ્રસંગે તેઓ અહીંના મધુરમ બાયપાસ રોડ ઉપર આવેલ બાલાજી ફાર્મ હાઉસમાં રાતે દાંડીયા રાસમાં આવ્યા હતા. ત્યારે રાતે તેઓએ તેમની કાર બહાર પાર્ક કરી હતી અને તેઓ પરિવાર સાથે ફાર્મ હાઉસમાં દાંડીયા રાસ રમવા માટે ગયા હતા. ત્યારે અચાનક રાતે ૯.૪૫ કલાકે તેમની કારનું સાયરન વાગતા તેઓએ કારનું સાયરન બંધ કરી દીધુ હતું. બાદમાં રાતે ૧૦:૪૫ કલાકે દાંડીયા રાસ પુરા થતા તેઓ કાર પાસે આવ્યા તો જોયું કે કોઈએ કારનો ડ્રાઈવર સાઈડનો કાચ તોડીને પાછળ સીટમાં રાખેલ થેલામાંથી સોનાના દાગીના ચોરી લીધા હતા. જે થેલામાં ૩.૫૦ લાખનો ૯ તોલાનો સોનાનો રજવાડી હાર, ૨ લાખનો પાંચ તોલાનો હાથનો પંજો, પાંચ લાખનો ૧૧ તોલાનો રજવાડી સોનાનો કંદોરો અને પાંચ હજારની ચાંદીની ડાયમંડની વીટી મળીને કુલ ૧૦.૫૫ લાખની કિંમતના ૨૫ તોલાના સોનાના દાગીના ચોરી થયાનું માલુમ થતા તેઓએ તુરંત પોલીસને જાણ કરતા સી ડીવીઝન પીએસઆઈ વી.કે. ઉંઝીયા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને ફાર્મ હાઉસના સીસીટીવી ચેક કરતા તેમાં એક શખ્સની શંકાસ્પદ હિલચાલ નજરે ચડતા તપાસ શરૂ કરી હતી.

દરમ્યાન ગઈકાલે ચોરીના આ બનાવનો ભેદ ઉકેલી નાંખ્યા બાદ આ અંગેની માહિતી આપતા ડીવાયએસપી નિકીતા શિરોયાએ જણાવ્યું હતું કે, પોલીસને આ ચોરીની જાણ રાતે ૧૨ વાગ્યે કરવામાં આવતાની સાથે જ પોલીસની બે ટીમો બનાવીને સીસીટીવીના આધારે શંકાસ્પદ આઈ-૨૦ કારની તપાસ શરૂ કરી હતી અને લોકેશનના આધારે જૂનાગઢ પોલીસે ગોંડલ ચોકડી પાસે રહેતા ધરમ જસમત ધાંધલ નામના શખ્સને તમામ ચોરાયેલા સોનાના દાગીના સાથે ઝડપી પાડયો હતો. ધરમ ધાંધલ આ અગાઉ ૨૦૧૮માં પણ ચોરીના કેસમાં પકડાયેલ છે. તેમજ આર્થિક સંકડામણ આવે ત્યારે લગ્ન પ્રસંગના સ્થળે પાર્કિંગમાં પડેલી કારમાં ટોર્ચ મારીને કાચ તોડીને કિંમતી સામાનની ચોરી કરવાની મોડસ ઓપરેન્ડી ધરાવે છે. તેણે અહીં આવીને ત્રણ-ચાર કારમાં રેકી કરી બાદમાં છેલ્લે પડેલી કારમાં ચોરીને અંજામ આપેલો પરંતુ પોલીસે કલાકોમાં આ ચોરને ઝડપી તેની સામે ગુનો દાખલ કર્યો છે.

# જૂનાગઢના નવા ડીડીઓ તરીકે નિતીન સાંગવાનની નિમણુંક

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૩૧

રાજય સરકારે ગઈકાલે મોડી રાત્રે ૫૦ આઈએએસ અધિકારીઓની બદલીઓના આદેશ કર્યા છે ત્યારે જૂનાગઢ જીલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખની બદલી કરવામાં આવી છે અને તેઓને અમદાવાદ ડીએમસી તરીકે મુકવામાં આવ્યા છે. જયારે જૂનાગઢના નવા ડીડીઓ તરીકે અમદાવાદ ખાતે ગુજરાતના મત્સ્યઉદ્યોગમાં ડાયરેકટર તરીકે ફરજ બજાવતા નીતિન સાંગવાનને મુકવામાં આવ્યા છે.


દેશી ઘાણીનું શુધ્ધ સીંગતેલ
૧૦૦% ગેરેંટીવાળુ
ઘનશ્યામ
મીની ઓઈલ મીલ
જૂનાગઢ જીલ્લો, ગામ : પ્લાસવા
મો. ૭૪૦૫૭ ૪૧૯૦૬

સસ્તુ અને સારૂ ફર્નિચર બનાવવા માટે સંપર્ક
૬૦,૦૦૦માં 5x6 બેડ, 4x6 કબોડ, ડ્રેસીંગ, સોફો ૨ સીટર સાઈડ બોકસ બેડનાં
સી.સી. પડદાવાળા
18mm પ્લાયવુડમાં ફર્નિચર બનાવી આપવામાં આવશે
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેકટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.


# જૂનાગઢ મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૪-૨૫નું ૯ લાખની પુરાંત વાળુ રૂા.૯૬૭.૫૭ કરોડનું બજેટ

## કમિશ્નરે રજુ કરેલા બજેટમાં સ્ટેન્ડીંગ કમિટી દ્વારા સુધારા-વધારા કરી જનરલ બોર્ડમાં

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૩૧

જૂનાગઢ મહાનગરપાલિકાનું વર્ષ ૨૦૨૪-૨૫નું ૯ લાખની પુરાંત વાળું ૯૬૭.૫૭ કરોડનું બજેટ રજુ થયું છે. કમિશ્નરને આ બજેટ સ્થાયી સમિતી ચેરમેનને સોંપ્યું છે. હવે સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન સ્થાયી સમિતીની બેઠકમાં સુધારા વધારા કરી આ બજેટને મંજુરી અર્થે જનરલ બોર્ડમાં રજુ કરશે.

કમિશ્નરે રજુ કરેલ ૯૬૭.૫૭ કરોડના બજેટમાં રેવન્યુ આવક ૨૫૩.૧૫ કરોડ અને કેપીટલ આવક ૭૧૪.૩૯ કરોડ રહેશે. જયારે રેવન્યુ ખર્ચ ૨૫૩.૨૩ કરોડ અને કેપીટલ ખર્ચ ૭૧૪.૨૪ કરોડની રહેશે. આમ, ૯ લાખની પુરાંત રહેશે. રેવન્યુ ખર્ચ ૨૫૩.૨૩ કરોડમાં ઓફિસ એન્ડ મેન્ટેનન્સ ખર્ચ અને અન્ય ખર્ચ ૧૮૨.૧૮ કરોડ અને સીધી ભરતીથી કર્મચારીઓની ભરતી પ્રક્રિયાનો તેમજ મહેકમ ખર્ચ ૭૧.૦૫ કરોડ થશે. કોર્પોરેટરના વિકાસ કામો માટે માસિક ૮૦ લાખની જોગવાઈ કરેલ છે. સરકાર દ્વારા મળતી સ્વચ્છ ભારત મિશન તેમજ અમર્ત યોજનામાં મનપાએ ૫૭ કરોડ જેવી રકમ સ્વભંડોળમાંથી આપવી પડશે. સરકારની ગ્રાન્ટ જેવી કે અમૃત ૧.૦, અમૃત ૨.૦, સ્વચ્છ ભારત મિશન ૧.૦, સ્વચ્છ ભારત મિશન ૨.૦, સ્વર્ણિમ જયંતિ, નાણાપંચ વગેરે ગ્રાન્ટમાંથી ૭૧૪.૨૪ કરોડ રસ્તા, નરસિંહ મહેતા સરોવર બ્યુટીફિકેશન પ્રોજેકટ, ભૂગર્ભ ગટર ફેઝ-૨, વોટર સપ્લાયના કામો, બાયોમિથીનેશન પ્લાન્ટ, લેગેસીવેસ્ટ, સીએનડી વેસ્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સેનેટરી લેન્ડફિલ સાઈડ, સેગ્રીગેશન ટ્રીટમેન્ટ પ્લાન્ટ, લાઈટના કામો, મૃત પ્રાણીઓ માટેની ભઠ્ઠી, હાઈમાસ્ક ટાવર, જોષીપરા ઓવર બ્રિઝ, સાબલપુર આરઓબી, હોકર્સ જોન, નવું ફાયર સ્ટેશન, સિવીક સેન્ટર, ડોગ સ્ટરીલાઈઝર સેન્ટર, ઢોરવાડો બનાવવાના કામો હાથ ધરાશે. ખાસ કરીને ઘરવેરા ફેકટર, વોટર વર્કસ, લાઈટ અને સેનીટેશનના દરમાં વધારો કરવો આવશ્યક હોવાનું કમિશ્નરે રજુ કરેલા બજેટમાં જણાવ્યું છે.



ગોડાઉન્સ ભાડે આપવાના છે
સાબલપુરમાં ગોડાઉન્સ ભાડે આપવાના છે
: કોન્ટેક :
મો. ૮૧૪૧૫૬૭૨૬૯

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

નાઈટમાં મેનેજર જોઈએ છે
હોટલ લાઈનનાં અનુભવી મેનેજર જોઈએ છે
હોટલ સોમનાથ
રેલ્વે સ્ટેશન રોડ, જૂનાગઢ
:: મળો ::
સવારે ૧૦ થી ૧૨

મોબાઈલ... મોબાઈલ..
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
શ્રી જલારામ ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
શિયાળાની ગુલાબી તંદુરસ્તી માટે અળદીયા માટેનું શુધ્ધ ઘી
લેબોરેટરી ટેસ્ટ ભેંસનું તથા ગાયનું શુધ્ધ ઘી મળશે
(તાજુ માખણ મળશે)
વિજય ઘી ડીપો
ડબાગલી રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુ:ખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુ:ખાવા
● કટિબસ્તિ : કમરમાં દુ:ખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુ:ખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જાાવે, વારંવાર મન લલચાવે''
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

સ્પે. રજબનો રોટ વ્યાજબી ભાવે મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ